C M Y K

**આજનો સુવિચાર**

જે બધા તરફ દયા રાખે છે, તેણે જ ઈશ્વરની સાચી સેવા કરી છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૩૩ જૂનાગઢ તા.૨૪-૦૧-૨૦૨૨ સોમવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

## કાશ્મીરમાં ભારે બરફ વર્ષા : જમ્મુ-શ્રીનગર હાઈવે બંધ

શ્રીનગર તા. ૨૪

કાશ્મીર ખીણના ઘણા ભાગોમાં આજે ભારે બરફવર્ષા થઈ હતી જ્યારે અન્ય વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો, જેના કારણે ખીણના ઘણા ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે. બરફવર્ષાને કારણે શ્રીનગર-જમ્મુ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે અને ખરાબ હવામાનને કારણે વૈષ્ણોદેવી ધામમાં કાર્યરત હેલિકોપ્ટર સેવા સ્થગિત કરવામાં આવી છે.

ખીણના ઘણા ભાગોમાં ખાસ કરીને દક્ષિણ કાશ્મીરમાં ગતરાત્રી દરમ્યાન ફરીથી બરફવર્ષા થઈ હતી. અધિકારીઓનાં જણાવ્યા અનુસાર ખીણના પ્રવેશદ્વારા માનવામાં આવતા દક્ષિણ કાશ્મીરના કાઝીગુંડ અને નજીકના કોકરાંગમાં લગભગ છ ઈંચ બરફવર્ષા નોંધાઈ છે. અનંતનાગમાં ત્રણ ઈંચ બરફ પડ્યો છે. દક્ષિણ કાશ્મીરના શોપિયાં, પુલવામા અને કુલગામ જિલ્લામાં પણ બેથી સાત ઈંચ બરફ પડ્યો છે.

## ટ્રાફીક નિયમોનું ઉલ્લંઘન કરશો તો રૂા.૨ લાખ સુધીનો મેમો આવી શકે

નવી દિલ્હી, તા. ૨૪ :

વાહન ચલાવનારાઓ સાવધાન થઈ જજો, હવે રૂા.૨ લાખનો મેમો આવી શકે છે. ટ્રાફીક નિયમોનું પાલન કરવુ બહુ જરૂરી છે. જો તમે આવું નહી કરો તો તમે પોતાની સાથે બીજાનું પણ નુકસાન કરી શકો છો. નવા મોટર વ્હીકલ એકટ અનુસાર બે લાખ રૂપિયાથી વધારેનો મેમો પણ આવી શકેછે.

જો તમે ટ્રક ચલાવતા હો અને નિયમોનું ઉલ્લંઘન કરો તો ઓવરલોડિંગના ૫૦૦૦ રૂપિયા, રજીસ્ટ્રેશન સર્ટીફીકેટના હોય તો ૧૦,૦૦૦ રૂપિયા, ફીટનેસ સર્ટીફીકેટ ના હોય તો ૧૦,૦૦૦ રૂપિયા, પરમીટ વાયોલેશન ઉપર ૧૦,૦૦૦ રૂપિયા, ઈન્સ્યોરન્સ ના હોય તો ૪૦૦૦ રૂપિયા, પીયુસી ના હોય તો ૧૦,૦૦૦ રૂપિયા, ઢાંકયા વગર બાંધકામ સામગ્રી લઈ જવા ઉપર ૨૦,૦૦૦ રૂપિયા અને સીટ બેલ્ટ ના બાંધ્યો હોય તો ૧૦૦૦ રૂપિયાનું ચલણ કપાઈ શકે છે. તે સાથે જ ઓવર લોડીંગનું ચલણ ૨૦,૦૦૦ રૂપિયા અને જેટલા ટન વધારે સામાન હોય તેના ઉપર દર ટને ૨૦,૦૦૦ રૂપિયા દંડ લાગશે.

## શેરબજારમાં બ્લેક મન્ડે : સેન્સેકસમાં ૧૨૦૦ પોઈન્ટનું ગાબડું

મુંબઈ તા. ૨૪

આજે સપ્તાહનાં પ્રથમ દિવસે જ મુંબઈ શેરબજારનાં સેન્સેટીવ ઈન્ડેક્ષમાં તિવ્ર કડાકો નોંધાતા હાહાકાર મચી ગયો છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત વિગત મુજબ ૧૨.૩૦ કલાકે સેન્સેકસમાં ૧૨૦૦ પોઈન્ટનું ગાબડું પડી ગયું છે અને હજુ આજે દિવસ દરમ્યાન કારોબારનો સમય પુર્ણ થવા સુધીમાં વધુ જોરદાર ગાબડું પડશે તેવા સંકેતો મળી રહયા છે.

આજે સેન્સેકસ બોઈડ તમામ શેરોનાં ભાવો રેડઝોનમાં ટ્રેડ કરી રહયા છે. બ્લ્યુચીપ ૩૦ શેરોમાં ભારે ઘટાડો જોવા મળી રહયો છે.

## કોરોનાને કારણે વેકસીન બનાવતી કંપનીઓ માલામાલ થઈ ગઈ!!

મુંબઈ, તા. ૨૪ :. કોરોના માટે સંકટ બનીને આવ્યો છે પણ ફાર્મા અને વેકસીન ઉત્પાદક કંપનીઓને નફાનો એવો બૂસ્ટર ડોઝ તેણે આપ્યો કે તેઓ માલામાલ થઈ ગઈ છે. કોરોના રસી બનાવતી ત્રણ કંપનીઓ ફાઈઝર, બાયોએન્ટેક અને મોર્ડના દર સેકન્ડે ૧૦૦૦ અમેરિકન ડોલર એટલે કે ૭૫૦૦૦ રૂપિયા કમાઈ રહી છે. આ કંપનીઓ રોજના ૯.૩૫ કરોડ ડોલર (લગભગ સાત અબજ રૂપિયા)ની કમાણી કરી રહી છે. કોરોના પહેલા મોર્ડના ૩૭૫૦ કરોડ રૂપિયાની ખોટમાં ચાલી રહી હતી. જેણે ખોટ ખતમ કરીને ૭૦૦ કરોડ ડોલરનો નફો કમાઈ લીધો. આવી જ રીતે બાયોએન્ટેક જે ૩૦૦ કરોડની ખોટમાં હતી, એક વર્ષ પછી તે ૬૧ હજાર કરોડના નફામાં આવી ગઈ, તો ફાઈઝરનો નફો ૨૦૨૦માં ૮૦૦ કરોડ ડોલર હતો જે ૨૦૨૧માં ૯ હજાર કરોડ ડોલરનો થઈ ગયો. નફામાં ૧૨૪ ટકાનો આ ઉછાળો બહુ જોરદાર છે. વિશ્વમાં બે તૃત્યાંશ રસી આ ચાર કંપનીઓ મોર્ડના, ફાઈઝર, બાયોએન્ટેક અને જોન્સન એન્ડ જોન્સને વેચી છે.

## અગામી ૩ દિવસ રાજયમાં કાતિલ શીત લહેર સપાટો બોલાવશે : આબુમાં માઈનસ ૪ ડીગ્રી તાપમાન

રાજકોટ, તા. ૨૪

ત્રણ દિવસ સુધી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે બર્ફિલા પવનનો સામનો કર્યા બાદ આજથી લોકો ફરીથી ઠંડીને કારણે ધ્રુજવા લાગ્યા છે. ગુજરાત - રાજસ્થાન બોર્ડર ઉપર આવેલા પ્રખ્યાત પર્યટક સ્થળ માઉન્ટ આબુ ખાતે માઈનસ ૪ ડીગ્રી તાપમાન નોંધાતા પાછલા તમામ રેકોર્ડ તુટી ગયા છે. રાજયમાં ઠંડીની સેકન્ડ ઈનિંગ શરૂ થતાંની સાથે જ તાપમાનનો પારો સડસડાટ નીચે ઉતરવાનું શરૂ થઈ ચૂક્યું છે. બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા રાજયમાં આગામી ત્રણ દિવસ કોલ્ડવેવની આગાહી કરવામાં આવી હોવાથી શિયાળો વિદાય લ્યે તે પહેલાં લોકોએ કાતીલ ઠંડીનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે. આજે ગીરનાર પર્વત ઉપર ૩.૨ ડિગ્રી તો નલિયામાં ૪.૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાતાં અહીંના લોકો કાતીલ ઠંડીમાં થરથર ધ્રુજી રહ્યા છે. આવી જ રીતે સૌરાષ્ટ્રના અનેક શહેરોમાં ઠંડીએ સપાટો બોલાવી દીધો છે. આજે સૌરાષ્ટ્રના વિવિધ શહેરો જેમાં રાજકોટમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૯.૭ ડિગ્રીએ પહોંચી જવા પામ્યું છે.

### સમાચાર રાઉન્ડ અપ

- રશિયા ગમે ત્યારે યુક્રેન ઉપર હુમલો કરશે : અમેરીકાએ દુતાવાસનાં કર્મચારીઓને તત્કાલ પાછા બોલાવી લીધા
- રાયબરેલી હવે કોંગ્રેસનો ગઢ રહયો નથી, પ્રિયંકા ગાંધીને ચૂંટણી લડવા ભાજપ ઉમેદવાર અદિતિસિંહે પડકાર ફેંકયો
- આગામી તા. ૩૦ એપ્રિલે ૨૦૨૨નું પ્રથમ સૂર્યગ્રહણ થશે
- આગામી ૩૦ વર્ષ સુધી ભાજપને હરાવી શકે તેવો કોઈ માય નો લાલ પેદા થયો નથી : ડો. દિનેશ શર્મા
- આધુનિક પોલિસીંગ માટે કેન્દ્રએ આપેલા ફંડનો કર્ણાટક સિવાય કોઈપણ રાજયોએ પુરેપુરો ઉપયોગ કર્યો નથી
- ગોવામાં પાટલી બદલુઓએ રેકોર્ડ બનાવ્યો : ૬૦ ટકા ધારાસભ્યો આયારામ - ગયારામ
- હવે આરટી-પીસીઆર ટેસ્ટ વગર માત્ર એકસ-રેથી મિનિટોમાં કોરોના છે કે નહી તેની જાણકારી મળી જશે
- જોવા જેવી થઈ : જામનગરમાં બનેલી ઘટનામાં ભાવિ સાસુએ જમાઈનું નાક ખેંચતા લીલા તોરણે જાન પરત ફરી

## દેશમાં આજે કોરોનાનાં ૩.૦૬ લાખ કેસ નોંધાયા : ગઈકાલની સરખામણીએ ૨૭ હજાર કેસ ઘટયા

નવી દિલ્હી, તા. ૨૪: દેશમાં કોરોનાના દૈનિક કેસમાં ગઈ કાલ કરતા ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩,૦૬,૦૬૪ કેસ નોંધાયા છે. ગઈકાલે કોરોનાના ૩.૩૩ લાખ નવા ક્રેસ નોંધાયા હતા. એટલે કે આજે દૈનિક કેસમાં ૨૭ હજાર કેસનો ઘટાડો નોંધાયો છે.

## ગુજરાતમાં વહેલી ચૂંટણીનાં ભણકારા મે મહિનામાં ચૂંટણી યોજાવાના સંકેતો

અમદાવાદ તા. ૨૪

હાલ ભાજપનું ધ્યાન ઉત્તરપ્રદેશની ચૂંટણીઓ ઉપર છે, પરંતુ આ ચૂંટણીઓ બાદ તુરંત જ ગુજરાત વિધાનસભા ચૂંટણી કેન્દ્ર સ્થાને રહેશે. ગુજરાત ભાજપના નેતાઓ કહે છે કે રાજ્યમાં વહેલી ચૂંટણી કરાવવાનો કોઈ પ્લાન નથી, પરંતુ ભાજપની તૈયારીઓ જ તેનું ખંડન કરે છે. સરકાર અને સંગઠનમાં જોવા મળતી ચહલ પહલથી ચૂંટણી નજીક હોવાના સંકેતો મળી રહ્યાં છે. ઉત્તરપ્રદેશ સહિત પાંચ રાજ્યોની ચૂંટણી પુરી થયા બાદ મે મહિનામાં જ ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજવા માટે ભાજપ સરકાર, સંગઠન અને હાઈકમાન્ડ ગંભીરતાથી વિચારણા કરી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે,જેમાં ફેબ્રુઆરીમાં વોટ ઓન એકાઉન્ટ સાથે વિધાનસભા સત્ર પૂર્ણ કરી, માર્ચમાં વાઈબ્રન્ટ કરી દેવી, સાથે સાથે વેરવિખેર વિપક્ષને પણ મજબૂત બનવાની તક ના મળે તેવા રાજકીય ગણિત સાથે ભાજપ આગળ વધી રહ્યો છે.

ભાજપે ૨૧ જાન્યુઆરીએ ૧૪ સભ્યોની પ્રદેશ ચૂંટણી સમિતિની જાહેરાત પણ કરી દીધી છે. આ સમિતિમાં રૂપાણી સરકારમાંથી ચાર મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં વિજય રૂપાણી, નીતિન પટેલ, ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને જસવંતસિંહ ભાભોરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ૧૨ કોર ગ્રૂપના સભ્યો પણ જાહેર કરવામાં આવ્યાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો બંને સમિતિઓમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ભાજપે ચાર સભ્યોની શિસ્ત સમિતિની પણ જાહેરાત કરી છે.

## લોકડાઉનની સૌથી ખરાબ અસર ગરીબ વર્ગ ઉપર પડી : શ્રીમંતોની આવક વધી

નવી દિલ્હી, તા. ૨૪: કોરોના મહામારી દરમ્યાન લાદવામાં આવેલા લોકડાઉનની સૌથી વધુ અસર ગરીબ વર્ગ પર પડી છે. ડેટા અનુસાર, ગરીબોની આવકમાં ૫૩ ટકાનો ઘટાડો થયો છે. તે સાથે જ અમીરોની આવકમાં પણ સતત વધારો થયો છે. આર્થિક ઉદારીકરણ પછીના સૌથી ગરીબ ૨૦ ટકા ભારતીય પરિવારોની વાર્ષિક આવક ૧૯૯૫ થી સતત વધી રહી છે, પરંતુ ૨૦૧૫-૧૬ના સરખામણીમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૫૩ ટકાનો ઘટાડો થયો છે. આ જ પાંચ વર્ષના સમયગાળામાં, સૌથી ધનિક ૨૦ ટકા લોકોએ વાર્ષિક પારિવારિક આવકમાં ૩૯ ટકાનો વધારો જોયો હતો. રિપોર્ટ દર્શાવે છે કે મહામારીએ શહેરમાં રહેતા ગરીબોને સૌથી વધુ અસર કરી છે, તેમની આવક આ સમયગાળામાં સમાપ્ત થઈ ગઈ છે.

સુગર ફ્રી, શુધ્ધ ઘીનાં ડ્રાયફ્રુટ અડદીયા
જગદિશ બુધ્ધદેવ મો.૯૮૨૪૩ ૮૮૧૫૮
દિનેશ બુધ્ધદેવ મો.૯૮૭૯૯ ૨૭૬૦૫
વિજય બુધ્ધદેવ મો.૯૯૯૮૧ ૯૫૯૮૧

આપના ઓર્ડર મુજબ મિઠાઈ તથા ફરસાણ બનાવી આપશું
ભાટીયા ધર્મશાળા રોડ, જૂનાગઢ. ફોન : ૨૬૨૨૧૯૪

દર મહિને રૂપિયા
10,000 થી ૧૫,000 કમાવો
મોબાઈલમાં ઓનલાઈન
+91 91732 36427
2Captcha
નો ટાર્ગેટ, નો એક્યુરેસી, નો વર્ક ટાઈમ લીમીટ
દર ૧૫-દિવસે પેમેન્ટ ચુકવવામાં આવશે.

પહેલો માળ, આશિવાદ કોમ્પ્લેક્ષ, જયશ્રી રોડ, જૂનાગઢ.
રજીસ્ટ્રેશન માટે રૂબરૂ મળો.

એક સાથે બે સ્થળ પર કેશોદ...જુનાગઢ
કાશીબા...ચિકન એમ્બ્રોડરી મેગા સેલ
આત્મિય સંબંધો અને વિશ્વાસની પરંપરા એટલે ... કાશીબા ૧૯૯૯થી આપની સેવામાં
PARK AVENUE ELLE ઓરીજીનલ બ્રાન્ડેડ વેસ્ટર્ન વેર રૂા. 400/- અને તેથી વધુ
કાશીબા... આટલુ સસ્તુ ક્યારેય ન હતું !!! એવા ભાવમાં
આજની બેસ્ટ ઓફર... સ્ટોક હશે ત્યાં સુધી જ...
સ્ટોક કલીયરન્સ સ્પેશ્યલ કાઉન્ટર
એક્સપોર્ટ ક્વોલીટી 2 નંગ ચીકન કુર્તી ₹800, ₹1000/-, ₹1200/-, ₹1400/- અને તેથી વધુ
2 કોટન લેગીંગ ₹290
2 કોટન કુર્તી ₹390
2 ₹99
2 ₹790
2 ₹390
2 ₹790
2 ચિકન સલવાર સુટ ₹990
2 કોટન પજામી ₹390
2 ₹99
2 ચિકન સાડી ₹1390

093222 22589, 090222 22589
Wholesale & Franchisee enquiry solicited
સમય : સવારે ૧૦ થી રાત્રે ૯
ડેબીટ/ક્રેડીટ કાર્ડ સ્વીકાર્ય
Kashiba EMBROIDERIES Finest Fabrics. Superfine Embroidery
www.kashiba.online
શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન બોર્ડીંગ, કાપડ બજાર આંબાવાડી, કેશોદ
સરદાર પટેલ ભવન પહેલોમાળ, જયશ્રી ટોકીઝ રોડ, જુનાગઢ
COVID-19 મહામારીને અનુલક્ષીને સરકારશ્રીના નીયમોને આધીન પ્રવેશ આપવામાં આવશે.

Kaneriya Oil Industries
ISO 22000 : 2005 Certified
નવી મગફળીનું તાજું તેલ
Since 1979
સૌરાષ્ટ્રની કસદાર જમીનમાં ઊગતી ઉચ્ચ ગુણવત્તાયુક્ત મગફળીમાંથી બને છે
કોઈપણ પ્રકારના કેમિકલ પ્રોસેસીંગ વગર બનાવવામાં આવતું નેચરલ ઓઈલ
કોલેસ્ટેરોલ રહિત હૃદયને રાખે સ્વસ્થ
વિટામિન A અને D થી ભરપૂર
MUFA નું ઉચ્ચ પ્રમાણ ગુડ કોલેસ્ટેરોલ (HDL) વધારે અને બેડ કોલેસ્ટેરોલ (LDL) ઘટાડે
એન્ટિઓકિસડન્ટ વિટામિન E નો સારો સ્ત્રોત
૧૦૦% શુદ્ધ
ISO ૨૨૦૦૦ : ૨૦૦૫ ફૂડ સેફ્ટી મેનેજમેન્ટ ધરાવતી કંપની

જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ : ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ;
રમેશચંદ્ર મગનલાલ એન્ડ સન્સ 94266 34036
અમારા અન્ય પ્રિમીયમ એડીબલ ઓઈલ્સ : કપાસિયા • સનફ્લાવર • કોર્ન • સોયાબીન
આપની નજીકના દરેક અગ્રગણ્ય સ્ટોર્સમાં ઉપલબ્ધ. www.ranioil.com | /ranioils

ફ્રી...ફ્રી... ફ્રી... ફ્રી...
સાઉદી અરેબીયા - દુબઈ માટે વર્કર તાત્કાલીક જોઈએ છે
કડીયાકામ, સુથારી કામ, દરજી કામ, પાર્લર, વેલ્ડર ગેરેજ, મીકેનીક, એન્જીનીયર, ડ્રાઈવર, વેઈટર, રસોયા અને ઘરકામ કરી શકે તેવી બહેનો - ભાઈઓની જરૂર છે
કંપની તરફથી વિઝા અને ટિકીટ તદન ફ્રી છે ફક્ત રજીસ્ટ્રેશન ચાર્જ રૂા.૫૦૦૦ લેવામાં આવશે
નોંધ : ફ્રેશર પણ ચાલશે, મોલમાં કામ કરી શકે તેની જરૂર છે.
આજે જ સંપર્ક સાધો
કોન્ટેક્ટ : ૯૧૭૩૨ ૩૬૪૨૭

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાપાસ ચોકડી, ૯-સ્કવેર બિલ્ડીંગ, ત્રીજા માળે, કે.જે. હોસ્પીટલની બાજુમાં, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

C M Y K C M Y K

# જૂનાગઢ : સાંસદ રાજેશ ચુડાસમાનાં હસ્તે રેલ્વે યાત્રીકો માટેની સુવિધાનો થયો પ્રારંભ

(તસ્વીર : અશોક પોપટ)

જૂનાગઢ તા.૨૪

રેલ્વે વિભાગ દ્વારા યાત્રીકોની સુવિધા માટે વધુ આધુનિક સેવાઓનાં લોકાર્પણનો કાર્યક્રમ જૂનાગઢ રેલ્વે સ્ટેશન ખાતે યોજવામાં આવ્યો હતો. જૂનાગઢનાં સાંસદ રાજેશભાઈ ચુડાસમાનાં હસ્તે યાત્રીકો માટે વાતાનુકુલીત સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તકે જૂનાગઢનાં ધારાસભ્ય ભીખાભાઈ જોશી તેમજ જૂનાગઢ મહાનગરપાલિકાનાં પુર્વ ડેપ્યુટી મેયર અને કોર્પોરેટર ગીરીશભાઈ કોટેચા તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢ રેલ્વે સ્ટેશન ખાતે મહિલા યાત્રી તેમજ પુરૂષ યાત્રીઓ માટે વાતાનુકુલીત વેઈટીંગરૂમનું લોકાર્પણ કરાયું હતું. આ ઉપરાંત વેરાવળ ખાતે પણ પ્રતિક્ષાલય અને પ્લેટફોર્મ નંબર ૧ ઉપર નવનિર્મિત લીપનું લોકાર્પણ થયું હતું. જયારે માળીયા હટીના ખાતે દિવ્યાંગજનો માટે સુવિધા, સોમનાથ ખાતે કવર સેડ બેઠક વ્યવસ્થા તેમજ આદ્રી રોડ ઉપર આવેલ સ્ટેશન ખાતે દિવ્યાંગજનો માટે શૌચાલયની સુવિધા આ ઉપરાંત ચોરવાડ રોડ, લુસાળા અને વડાલ ખાતે પણ દિવ્યાંગજનો માટે શૌચાલયની સુવિધાઓ વધારવામાં આવી છે. આ તકે રેલ્વે વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# વિરપુર(જલારામ)માં સેવાનો જયજયકાર, આછવણીના પ્રભુદાદા સેવાભુષણ એવોર્ડથી વિભૂષિત

## મનની સ્થિતિને પલટાવવા માટે સાધનાની આવશ્યકતા છે : પૂ. પ્રભુદાદા

વિરપુર તા.૨૪

ભગવાનના નામનો જપ કરતી ચેતનામાં નામમાં રહેલી દૈવી સત્તાને અંકિત કરવાનું તથા તેના સ્વરૂપમાં માનવચેતનાને ઢાળવાનું સામર્થ્ય ધરાવે છે. આ અમૃતવાણી વિરપુર(જલારામ) ખાતે ૧૦૮ કુંડી રામયજ્ઞ સંપન્ન થયા બાદ આછવણી(નવસારી)ના સ્વયંભૂ પ્રગટેશ્વર મહાદેવ મંદિરના અધિષ્ઠાતા પૂ. પ્રભુદાદાએ પીરસી હતી. તેમણે કહ્યું કે, આ વિશ્વ નાદબ્રહ્મમાંથી શબ્દસ્વરૂપબ્રહ્મમાંથી પ્રકટ થયો છે. નામ સ્મરણને નિરંતર અખંડ ન બનાવાય ત્યાં સુધી સ્મરણ સાધનાનો પૂરો લાભ પામી શકાતો નથી. સમઢીયાળા-૧(બોટાદ) ગામે આવેલ "યોગીધામ"ના યુગદિવાકર સંત પ.પૂ. શ્રી નિર્મળ સ્વામીએ અમૃતવાણી પીરસતા જણાવ્યું કે, વેદના બે કાંડ કર્મકાંડ અને જ્ઞાનકાંડ વેદાંત દ્વારા આત્મા-પરમાત્માને ઓળખી શકાય છે. સનાતન ધર્મ એટલે 'સદા વર્તમાનમ સનાતનમ' જે નિરંતર બ્રહ્મથી લઈને અર્થાત વેદો નારાયણ સાક્ષાદ્ સ્વયંભૂ ઈતી સુશ્રુમ વેદ એ નારાયણ સ્વરૂપ તેમજ વેદોદ્ગમએ સનાતન ધર્મ છે. ભુત, ભવિષ્ય અને વર્તમાન મળી ત્રણ કાર્યોમાં પ્રવાહિત થતુ પરમ સત્ય સનાતન શુદ્ધ હૃદયનું સત્ય એ સનાતન છે. આ પ્રસંગે સમગ્ર ભારતના તીર્થાટનોમાં નિઃશુલ્ક વિધ વિધ હોમાત્મક, પાઠાત્મક યજ્ઞો તેમજ માનવમાત્રની અખંડ સેવાકીય પ્રવૃતિઓ કરવા બદલ પૂ. પ્રભુદાદાને "યોગીધામ" સમઢીયાળા-૧(બોટાદ)ના યુગ દિવાકર સંત નિર્મળ સ્વામીના હસ્તે "સેવાભુષણ" એવોર્ડ એનાયત થયેલ હતો. મોવિયા(ગોંડલ)ના સંતોષી માતાજી મંદિરના મહંત ચંદ્રેશબાપુ, સનાતન ધર્મના વિવિધસંપ્રદાયના વિશ્વવિખ્યાત સાધુ, સંતો, મહંતો, ખેરગામના વિદ્વાન કથાકાર અનિલભાઈ કે. જોષી, પ્રકાંડ કર્મકાંડી કશ્યપભાઈ જાની મઠાધિપતિઓ, આચાર્યો, ઋષિતુલ્ય બ્રાહ્મણો દેવો ખાસ હાજર રહી આશીર્વાદની ઝડી વરસાવી હતી. સમારોહની પૂર્વ સંધ્યાએ આટકોટના વિરબાઈ માતા મંદિર ખાતે ૩૪ વર્ષ બાદ પૂ. પ્રભુદાદા અને પૂ. રમાબાના હસ્તે શાસ્ત્રોકત વિધિવત ધ્વજાજીનુંપૂજન કરી ધ્વજારોહણ થયેલ. આગામી દિવસોમાં યોજાનાર યજ્ઞો, કાર્યક્રમો સંદર્ભે તેમજ સહાય મેળવવા ઈચ્છતા જરૂરિયાતમંદોએ નવસારીના ઉદ્યોગપતિ બિપિનભાઈ પરમાર મો.૯૮૨૫૦૫૮૦નો સંપર્ક કરવા જણાવાયેલ છે. ૧૦૮ કુંડી રામ મહાયજ્ઞ પ્રસંગે સામૂહિક મહાપ્રસાદ ધૂન, ભજન, સંકીર્તન ચિખલીના ઉષાબેન એન. પટેલએ રજૂ કર્યા હતા. સાધુ બ્રાહ્મણ ચોરાશી, બટુક, કુંવારીકા ભોજન તેમજ વીરપુરના જયજલીયાણ મંદિરે, માવતર વૃદ્ધાશ્રમ ખાતે જરૂરીયાતમંદોને સાડી, ધાબળા વિતરણ કરવામાં આવેલ હતું. ઉલ્લેખનીય છે કે, આછવણી(નવસારી)ના પ્રગટેશ્વર મહાદેવ મંદિરના સેવાભુષણ એવોર્ડથી અલંકૃત થયેલ દાદાજીને(શિષ્યસ્ય પરમ મંગલમ વાળા) સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વિશ્વશાંતિ શિખર સંમેલન સંબોધવા નિમંત્રિત કરાયા છે.

# સોમનાથ ખાતે રાજયકક્ષાના પ્રજાસત્તાક પર્વની પૂર્વતૈયારીઓનું જૂનાગઢ રેન્જ આઈ.જી. મનીંદરસિંહ પવારે નિરીક્ષણ કર્યું

## ૧૮ પ્લાટુન મહામહિમ રાજ્યપાલ અને મુખ્યમંત્રીને સલામી આપશે

વેરાવળ તા.૨૪

દેશના ૭૩માં પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણી ગીરસોમનાથ જિલ્લામાં સોમનાથના સાનિધ્યમાં થનાર હોય ત્યારે વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરાઈ રહી છે. સુરક્ષા વિભાગની વિવિધ પાંખો દ્વારા ૧૮ પ્લાટુન બનાવીને ભવ્ય પરેડનું આયોજન કરાયું છે. ત્યારે સમગ્ર કાર્યક્રમ અને પરેડની રિહર્સલનું જૂનાગઢ રેન્જ આઈ.જી. મનીંદર સિંહ પવારે નિરીક્ષણ કર્યું હતું તેમજ યોગ્ય નિર્દેશ આપ્યા હતા. પરેડની સમીક્ષા કર્યા બાદ રેન્જ આઈ.જી.એ પરેડ કમાન્ડર અને અધિકારીઓને યોગ્ય સૂચન આપ્યા હતા અને શિસ્ત સાથે સુદ્રઢ આયોજનબદ્ધ પરેડ કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. ધ્વજવંદન બાદ મહામહિમ રાજ્યપાલ અને મુખ્યમંત્રી ખુલ્લી જીપ્સીમાં પરેડ નિરીક્ષણ કરશે ત્યારબાદ કુલ ૧૮ પ્લાટુન દ્વારા માર્ચ પાસ્ટ કરીને તેઓને સલામી આપવામાં આવશે. જેમાં નેવીના કમાન્ડો, સમગ્ર રાજયભરની વિવિધ જિલ્લાની પોલીસ પ્લાટુન, મહિલા પોલીસ પ્લાટુન, શ્વાન દળ, અશ્વદળ, એન.એસ.એસ. યુનિટ તેમજ વિવિધ સુરક્ષાદળો જોડાશે. પોલીસ બેન્ડ પાર્ટી દ્વારા ધ્વજ વંદન અને પરેડમાં ઉત્સાહવર્ધક ધૂનો દ્વારા વાતાવરણની શોભામાં અભિવૃદ્ધિ કરાશે. આ તકે ગીરસોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, મદદનીશ પોલીસ અધિક્ષક ઓમપ્રકાશ જાટ, જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામક એસ.જે. ખાચર, પ્રાંત અધિકારી સર્યુબા જસરોટીયા, હેડક્વાર્ટર ડી.વાઈ.એસ.પી. એમ.એમ. પરમાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભવનાથમાં શ્રી ઉદાસીન પંચાયતી બડા અખાડા દ્વારા મંદિર નિર્માણનું કાર્ય પુરજોશથી હાથ ધરાયું

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢમાં ગિરનાર તળેટી, ભવનાથની પાવન ગોદમાં આવેલ સુપ્રસિદ્ધ શ્રી ઉદાસીન પંચાયતી બડા અખાડા ખાતે ઉદાસીન આચાર્યદેવ ૧૧૦૮ જગતગુરૂશ્રી ચદ્રં ભગવાન તેમજ પ્રાતઃ સ્મરણીય સદગુરૂદેવ ૧૦૦૮ સદગુરૂદેવશ્રી ભોલેબાબાજી તથા શ્રી સંકટ મોચન હનુમાનજીદાદાની અસીમ કૃપાથી અખાડાના મહંત પ. પૂજય સંત શ્રી ગંગાદાસજીબાપુના પાવન માર્ગદર્શન હેઠળ હાલમાં શ્રી ઉદાસીન પંચાયતી અખાડા ખાતે જયાં શ્રી ચંદ્ર ભગવાનનું મંદિર છે, સદગુરૂદેવ શ્રી ભોલેબાબાજીનું મંદિર છે અને બાબાજીની સમાધિ પણ ત્યાં આવેલી છે. શ્રી સંકટ મોચન હનુમાનજીદાદાનું મંદિર હાલમાં વર્ષોથી છે જે હનુમાનજીની શિખર ઉંચાઈ ૧૩૧ ફૂટ જમીન તળથી ઉંચાઈ ૩૬ અને શ્રી ચંદ્ર ભગવાનનું ૧૨૧ ફૂટ જમીનથી ઉપર શિખર બનશે અને પૂજય સદગુરૂદેવશ્રી ભોલેબાબાજીનુ મંદિર ઉપર જમીનથી ૧૦૧ ફૂટ ઉંચાઈ આ ત્રણેય શિખરનું કામ પૂરજોશમાં ચાલું છે ભવ્યતાથી ભવ્ય શિખર બની રહેલ છે. સૌના સાથ સહકારથી આ કાર્ય હાલ થઈ રહેલ છે. અખાડાના મહંત શ્રી ગંગાદાસબાપુએ કહેલ કે, શિવરાત્રી ઉપર આ કામ બંધ રહેશે સરકારની ગાઈડલાઈન અનુસાર મહા શિવરાત્રી ઉપર પાંચ દિવસ સાધુ સંતો તથા ભાવિક, ભજતજનો માટે બંને ટાઈમ મહાપ્રસાદ પૂજય બાબાજીની હયાતીથી હરી હર શિવરાત્રી ઉપર ચાલું છે. શિવરાત્રી પૂર્ણ થયા બાદ તા.૨-૩-૨૨ના રોજ અખાડા ખાતે 'કડી પકોડી'નો મહાપ્રસાદ આપવામાં આવશે. શિવરાત્રી ઉપર પ્રતિ વર્ષ જોડિયા રામવાડી ગ્રુપમાંથી ૨૫ થી ૩૦ ભાવિક ભકતજનો જામનગર, મહીકા, રાજકોટ, સુરત, કચ્છથી પાકડસર તેમજ શ્રી ઉદાસીન આશ્રમથી પૂજય સંત શ્રી કિષ્નાદાસબાપુ પણ ઉદાસીન અખાડામાં તન, મન, ધનથી મદદ કરી રહ્યા છે. પોતાની હાજરી પણ હોય છે. જોડિયાધામથી શનિભાઈ વડેરા, રાજકોટના પૂજય બબાજીના અનન્ય સેવક જયસુખભાઈ જશાણી તથા ભોલેબાબાજીના સેવક સમુદાયના સાથ સહકારથી અત્યારે અખાડા ખાતે પુરજોશમાં કામ ચાલું છે તેમ મહંત પૂજય શ્રી ગંગાદાસબાપુએ જણાવેલ છે. રાજકોટ ત્રિશુલ પંપના દિનેશભાઈ પેઢડિયા, ડાયાભાઈ પટેલ, અમરેલીથી સેવા કરવા આવે છે. મહા શિવરાત્રી નોમથી શિવરાત્રી સુધી મહાઆરતી, સુંદરકાંડના પાઠ અને નોમના સવારે ધ્વજારોહણવિધિ અખાડાના મહંત શ્રી ગંગાદાસબાપુ તથા સર્વે સંતોના હસ્તે ધજા ચડે છે અને નોમથી શિવરાત્રી સુધી મહાપ્રસાદ બંને ટાઈમ ભોલેબાબાજીની અસીમ કૃપાથી ઘણા વર્ષથી ચાલું છે. સરકારની ગાઈડલાઈન અનુસાર શિવરાત્રી ઉજવાશે.

# નિયમિત રિપીટર વિદ્યાર્થીઓ ન હોવાથી આ વર્ષે ધો.૧૦-૧૨ની પરીક્ષામાં છાત્રોની સંખ્યામાં જંગી ઘટાડો

અમદાવાદ તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમીક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ-૨૦૨૨માં લેવામાં આવનારી ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં જંગી ઘટાડો થયો હોવાનું સામે આવ્યું છે. બોર્ડની પરીક્ષામાં ગતવર્ષે ધો.૧૦ અને ૧૨નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું હતું. જેથી આ વખતે નિયમિત રિપીટર વિદ્યાર્થીઓ ન હોવાનાં લીધે આ જંગી ઘટાડો થયો હોવાનું સામે આવ્યું છે. ગતવર્ષે ૧૮ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા માટે નોંધાયા હતા. જયારે આ વખતે ૧૫ લાખ જેટલા જ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપનાર હોવાનું જાણવા મળે છે. ગત વર્ષે પરીક્ષામાં ઉપસ્થિત થનારા તમામ વિદ્યાર્થીઓ પાસ થયા હોવાથી આ વખતે નિયમિત રિપીટર વિદ્યાર્થીઓ ન હોવાથી ફોર્મ ઓછા ભરાયા છે. દરવર્ષે સરેરાશ ૧૫ લાખ જેટલા નિયમિત અને ૩ લાખ જેટલા રિપીટર વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાતા હોય છે. જોકે, આ વખતે ગત વર્ષનાં રિપીટર વિદ્યાર્થીઓ ન હોવાનાં લીધે ઓછા ફોર્મ ભર્યા છે. પરંતુ તે સંખ્યા ખૂબ જ નહીવત પ્રમાણમાં હોય છે. આમ, આ વખતે બોર્ડની પરીક્ષામાં જંગી સંખ્યામાં વિદ્યાર્થીઓનો ઘટાડો નોંધાયો છે.

## ઉના : કડકડતી ઠંડીમાં હનુમાનજી મહારાજને ઉનના વાઘાનો શણગાર

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૨૪

સમગ્ર ગુજરાતમાં તથા દેશમાં રેકોર્ડબ્રેક કડકડતી ઠંડીનો માહોલ સર્જાયો છે. ત્યારે લોકો ઠંડીથી રક્ષણ મેળવવા અલગ અલગ ઉપાયો કરતા હોય છે. આવા સમયે ભકતો પોતાની ભાવના વ્યકત કરવા ભગવાનને પણ ઠંડીમાં ગરમ વસ્ત્રો, ગરમ શાલ, હીટર વગેરેની વ્યવસ્થા સાથે શણગાર કરે છે. એસજીવીપી ગુરૂકુલ દ્રોણેશ્વરમાં બિરાજમાન શ્રી કષ્ટભંજનદેવને પુજારીએ ઉનના વાઘા તથા ગરમ શાલ, ઉનની શાલ, હીટર વગેરેથી ઠંડીથી રક્ષણ મળે એવા ભાવ સાથે શણગાર કર્યો હતો.

## બીમારી ધરાવતાં વૃદ્ધો માટે ઓમિક્રોન વેરિયન્ટ ઘાતક

અમદાવાદ, તા.૨૪ : કોરોનાની ત્રીજી લહેરે કોમોર્બિડિટી ધરાવતાં સિનિયર સિટિઝન પર જરાય રહેમ નથી કર્યો. બીમારીઓ ધરાવતાં કોરોના સંક્રમિત થયેલા વૃદ્ધોમાં ગંભીર કોમ્પ્લિકેશન જોવા મળે છે. પરિણામે તેમને ICUમાં દાખલ કરવા પડે છે અને ઘણીવાર વેન્ટીલેટરની પણ જરૂર પડે છે તેમ શહેરના નિષ્ણાતોનું કહેવું છે. અમદાવાદની ખાનગી હોસ્પિટલોમાં ICUમાં દાખલ કરવા પડ્યા હોય અથવા વેન્ટીલેટર સપોર્ટની જરૂર પડી હોય તેવા દર્દીઓની સંખ્યા બે જ દિવસમાં બમણી થઈ છે.

## ભારતીય અર્થતંત્રમાં સારા પાસા ઓછા અને નકારાત્મક પાસા વધુ : અર્થશાસ્ત્રી રઘુરામ રાજન

નવી દિલ્હી તા. ૨૪

જાણીતા અર્થશાસ્ત્રી અને આરબીઆઈનાં ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને જણાવ્યું હતું કે ભારતીય અર્થતંત્રમાં કેટલાક સારા પાસા છે અને સંખ્યાબંધ નકારાત્મક પાસા છે અને સરકારે તેના ખર્ચને સાવધાનીપૂર્વક સંતુલીત કરવું જોઈએ. કોરોના વાયરસ રોગચાળાથી અસરગ્રસ્ત અર્થતંત્રની પુર્નઃપ્રાપ્તી માટે સરકારે વધુ પગલાં લેવાની જરૂર છે. રોગચાળાથી પ્રભાવિત બનેલા નાના વ્યવસાયો ઉદ્યોગો કરતાં વધુ ઝડપી દરે પુર્નઃસ્થાપીત થઈ રહયા છે. અર્થતંત્ર વિષેની મારી સૌથી મોટી ચિંતા મધ્યમ વર્ગ, નાના અને મધ્યમ ક્ષેત્ર અને અમારા બાળકોનાં વિકાસ અંગે છે. બીજી બાજુ ખરાબ પાસા, બેરોજગારી અને ઓછી ખરીદ શકિત છે. ખાસ કરીને નીચલા મધ્યમવર્ગમાં નાણાકીય તણાવને લીધે નાની અને મધ્યમ કદની કંપનીઓ તણાવ અનુભવી રહી છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણ ૧લી ફેબ્રુઆરીએ સંસદમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૨-૨૩ રજુ કરવાનાં છે. દરેક દેશમાં ફુગાવો ચિંતાનો વિષય છે અને ભારત માટે તે અપવાદ નથી. ત્યારે સરકારે તેની ગંભીરતાથી વિચારણા કરવી જરૂરી છે.

## ગુજરાતીઓની અમેરિકા જવાની ઘેલછા ઉપર નીતિન પટેલે કહ્યું

# મહેનત કરવા છતાં પણ ભારતમાં યુવાનોને સારી પોઝિશન મળતી નથી

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ ખાતે સરદારધામમા નવનિર્મિત ઈ-લાઈબ્રેરીનું ઉદ્ઘાટન પુર્વ નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલના હસ્તે કરાયુ હતું. આતકે તેમણે કેનેડામાં માર્યા ગયેલા ગુજરાતીઓ વિશે નિવેદન આપ્યુ હતું. તેમણ કહ્યુ હતું કે, અમેરિકા જેવા દેશમા જવા લાખો લોકો પ્રયાસ કરે છે. આપણા યુવાનો મોટા પ્રમાણમા અમેરિકા કેનેડા જવા પ્રયાસ કરે છે. પરંતુ કેટલાક લોકો ટુંકો રસ્તો શોધી ગેરકાયદેસર જવાનો પ્રયાસ કરે છે. સરકાર એવી તક ઉભી કરે કે લોકોને વિદેશ જવાનો મોહ ઓછો થાય. ઘણાં લોકો વર્ષોથી ગેરકાયદે વિદેશમાં રહે છે. અમેરિકા જવા લોકોની ભીડ લાગી છે, અહીંયા નોકરી ધંધા મર્યાદિત છે. ગુજરાતીઓની અમેરિકા જવાની ઘેલછા ઉપર પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ભારતમાં યુવાનોને તક ઉપલબ્ધ થતી નથી. અહી તક મળતી ન હોવાથી લોકો વિદેશમાં જવા માંગે છે. અહી ભવિષ્ય ઉજ્જવળ નથી થતુ. મહેનત કરવા છતા સારી પોઝિશન મળતી નથી. જેથી સરકાર એવી તક ઉભી કરે કે વિદેશ જવાનો મોહ ઓછો થાય.

## આદિવાસી જાતિનાં મુદ્દે ઉકેલ નહી આવે તો સાંસદ નારણ રાઠવાએ એલાને જંગની ચિમકી આપી

પાવીજેતપુર તા.૨૪

છોટાઉદપુર જીલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી જાતિનાં દાખલા મુદ્દે આંદોલનો થઈ રહ્યા છે ત્યારે આ દાખલા મુદ્દે રાજયસભા સાંસદ નારણ રાઠવા આકરા પાણીએ આવી ગયા છે અને જાતિનાં દાખલા ખોટા હોય તો દાખલા આપનાર અધિકારીને જેલ ભેગા કરવાની વાત કરી છે અને જો દાખલા મુદ્દે નીરાકરણ નાહી આવે તો આખરી જંગ પણ લડવા તૈયાર હોવાનું જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ છોટાઉદેપુર જીલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી જાતિનાં દાખલા મુદ્દે આંદોલનો ચાલી રહ્યા છે. જાતિનાં દાખલાને લઈને કેટલાય આદીવાસીઓ નોકરીથી વંચિત રહી ગયા છે. જેને લઈને જાતિનાં દાખલા મેળવવા માટે તમામ રાજકીય પક્ષનાં નેતાઓ એક મંચ થઈને સરકાર સામે આંદોલન ચલાવી રહ્યા છે અને દાખલા મળે તે માટે તમામ પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે રાજયસભા સાંસદ અને પૂર્વ કેન્દ્રીય રેલ રાજયમંત્રી નારણ રાઠવા જાતિનાં દાખલા મુદ્દે ખૂબ જ આકરા પાણીએ આવી ગયા છે. અને જો ૨૫મી તારીખે આ પ્રશ્નનું નિરાકરણ નાહી આવે તો એલાને જંગ કરવાની પણ તૈયારી હોવાનું જણાવ્યું હતું.

## યાત્રાધામ દ્વારકામાં જગત મંદિરનાં દ્વાર આજથી ભક્તજનો માટે ખુલ્યા

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૪

કોરોનાના કેસો વધવા લાગતા છેલ્લા એક સપ્તાહથી દ્વારકાધીશ જગતમંદિરનાં દ્વાર ભકતો માટે બંધ કરી દેવામાં આવ્યા હતા. પરંતુ કલેકટર, વહીવટદારે આજથી દર્શનાર્થીઓ માટે દર્શનનાં દ્વાર ખુલ્લાં મુકી દીધા છે. જગતમંદિર ઉપરાંત બેટ દ્વારકાધીશ મંદિર અને હનુમાન દાંડી મંદિરના દ્વારો પણ ખોલી દેવાયા છે. મંદિર ખુલ્લા મુકવા સાથે ભાવિકો માટે શરત રાખવામાં આવી છે કે, સોશ્યલ ડીસ્ટન્સ જાળવવું ફરજિયાત છે અને માસ્ક ધારણ કરવું ફરજિયાત કરાયું છે. પ્રત્યક્ષ દર્શન ઉપરાંત દ્વારકાધીશ જગતમંદિરની વેબસાઈટ ઉપર લાઈવ દર્શનની વ્યવસ્થા રાબેતા મુજબ ચાલું રાખવામાં આવી છે.

# સોમનાથના સદભાવના ગ્રાઉન્ડ ખાતે રાજયકક્ષાનાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે રિહર્સલ યોજાઈ

## સુરક્ષા દળની જુદી-જુદી પ્લાટુન્સ દ્વારા શિસ્તબદ્ધ રીતે પરેડ કરાઈ : જીલ્લા કલેકટર રાજદેવસિંહ ગોહીલે વ્યવસ્થાઓની સમીક્ષા કરી

વેરાવળ, તા. ૨૪

સોમનાથના સદભાવના ગ્રાઉન્ડ ખાતે રાષ્ટ્રીય પર્વ ૨૬મી જાન્યુઆરીની રાજ્યકક્ષાની ઉજવણી થનાર છે. આ માટે પૂર્વ તૈયારીઓના ભાગરૂપે પ્રજાસત્તાક દિવસના ધ્વજવંદનના કાર્યક્રમની રિહર્સલ યોજવામાં આવી હતી. જેમાં સુરક્ષા દળના જુદા-જુદા પ્લાટુન દ્વારા શિસ્તબદ્ધ રીતે પરેડ યોજવામાં આવી હતી.

આ રિહર્સલમાં જિલ્લા કલેકટર રાજદેવસિંહ ગોહિલે સદભાવના ગ્રાઉન્ડ ખાતે વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. આ સાથે નિવાસી અધિક કલેકટર બી.વી. લીંબાચીયા, જિલ્લા પોલીસ વડા રાહુલ ત્રિપાઠી સહિત અધિકારીઓ સાથે યોગ્ય વ્યવસ્થા કરવા માટે ચર્ચા - વિચારણા કરી હતી. તેમજ કલેકટરે સબંધિત અધિકારીઓને મંચ સુશોભન, બેઠક સહિતની વ્યવસ્થાઓ માટે જરૂરી સૂચનો સાથે માર્ગદર્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે, પ્રવર્તમાન કોવીડ-૧૯ પરિસ્થિતિને અનુલક્ષીને રાજ્ય સરકારે પ્રજાસત્તાક દિવસની ઉજવણીના કાર્યક્રમો ટૂંકાવવાનું નકકી કર્યું છે.

# જૂનાગઢમાં આગામી બુધવારથી ભગવાન પરશુરામજી ગાથાનો પ્રારંભ થશે

જૂનાગઢ, તા. ૨૪

જૂનાગઢમાં સ્વ. પ્રભાશંકર કેશવજી પેરાણી પરિવાર આયોજીત શ્રી ભગવાન પરશુરામજી ગાથાનું આયોજન કરવામાં આવેલ છે. આગામી તા.૨૬-૧-૨૨ ને બુધવારના રોજ કથાનો પ્રારંભ થશે અને તા.૩૦-૧-૨૨ રવિવારના રોજ કથાનો વિરામ થશે.

શ્રી પરશુરામ ધામ, શ્રી સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, વાંઝાવાડ સ્ટ્રીટ પાસે, જવાહર રોડ જૂનાગઢ ખાતે આ કાર્યક્રમ યોજાશે. શ્રી પરશુરામ ગાથા અંતર્ગત તા.૨૬-૧-૨૨ ના રોજ સવારે ૮ કલાકે શ્રી પરશુરામની મહાપૂજા થશે. આજ દિવસે સવારે ૯.૩૦ કલાકે કથા પ્રારંભ, મહાત્મ્ય તેમજ અવતાર રહસ્ય દર્શાવાશે. તા.૨૭-૧-૨૨ના રોજ બપોરે ૧૨ કલાકે ભગવાન પરશુરામ પ્રાગટય મહોત્સવ થશે. તા.૨૮-૧-૨૨ ના રોજ ભગવાન પરશુરામજીના જીવનદર્શન કરાવવામાં આવશે અને તા.૨૯-૧-૨૨ ના ભગવાન પરશુરામજી સ્ત્રોત વર્ણન કરવામાં આવશે તેમજ તા.૩૦-૧-૨૨ના ભગવાન પરશુરામજી અને શ્રી શંકરાચાર્યજી ચરીત્ર તથા મહત્વના દર્શન સાથે કથા વિરામ કરવામાં આવશે. કથા શ્રવણનો સમય સવારે ૯.૩૦થી ૧૨.૩૦ સુધી, તેમજ સાંજે ૩.૩૦થી ૬.૩૦ દરમ્યાન રહેશે અને તા.૩૦-૧-૨૨ ના રોજ કથા વિરામ બાદ મહાપ્રસાદનો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત ભગવાન પરશુરામ ગાથાની કથાના વ્યાસાસને સારસ્વત બ્રહ્મસમાજનું ગૌરવ એવા કેશોદ નિવાસી શાસ્ત્રી ઉત્તમચંદ્રજી સેતપાલ સારસ્વત બિરાજી અને સંગીતમયશૈલીમાં કથાનું રસપાન કરાવશે. જૂનાગઢ ખાતે સૌ પ્રથમવાર ભગવાન પરશુરામની ગાથા અંગે કથા થતી હોય જેથી ભાવિકોને તેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

## શ્રી કષ્ટભંજનદેવને દિવ્ય શણગારની સાથે કરાવવામાં આવી નૂતન ભોજનાલયની ઝાંખી

સાળંગપુર તા. ૨૪ : શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલીત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ ખાતે શનિવાર નિમિત્તે તા. ૨૨-૧-૨૨ના રોજ દાદાનાં શણગારની સાથે નવનિર્માણ પામનાર નૂતન ભોજનાલયની ઝાંખી કરાવવામાં આવેલ હતી. બાંધકામમાં વપરાતી તમામ પ્રકારની સામગ્રીઓ દર્શાવવામાં આવેલ હતી. દાદાનાં શણગાર, આરતી દર્શનનો અમુલ્ય લ્હાવો હજારો ભકતોએ ઘરેબેઠા ઓનલાઈન યુ-ટયુબ ચેનલ દ્વારા લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

## ગ્રામ વાટીકા-લીંબુડાને આંગણે ૩૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર

માણાવદર, તા.૨૪

નવ નિર્માણ યુવા ગ્રુપ દ્વારા ગ્રામ વાટીકા - લીંબુડાને આંગણે સફાઈ અભિયાન કરી ગ્રામ વાટિકામાં ૩૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરીને ગ્રામ વાટીકાને હરિયાળુ બનાવવાની ઝુંબેશ હાથ ધરી છે. આ તકે ગ્રામજનો તેમજ એન. જે. જાવીયા વિદ્યા મંદિર લીંબુડા સ્કૂલનાં વિદ્યાર્થીઓ પ્રિન્સીપાલ તેમજ સ્ટાફ ગણે સાથ સહકાર આપેલ હતો.

# હાયપોસ્પેડીયાઈસ (લિંગનું કાણું) નામની દુર્લભ બીમારીની વોકહાર્ટ હોસ્પીટલ ખાતે સફળ સારવાર

## જાતીય સમસ્યા, નપુંસકતા તથા સેકસ વિશેની અજ્ઞાનતાનું સચોટ નિદાન અને સારવાર અત્યંત જરૂરી : ડો.નયન ટીંબાડીયા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૪

રાજકોટની એન.એમ.વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ સૌરાષ્ટ્ર-કચ્છની સુપસિધ્ધ અને તમામ પ્રકારના રોગોની સારવાર એકછત્ર હેઠળ ધરાવતી હોસ્પિટલ છે. તાજેતરમાં જ વોકહાર્ટ હોસ્પિટલ ખાતે રાપર, કચ્છના એક ૪ વર્ષના દર્દીને સારવાર માટે લાવવામાં આવેલ હતો.આ બાળકને હાયપોસ્પેડીયાસ નામની દુર્લભ બીમારી હતી જેમાં પેશાબનું કાણું લીંગના શરૂઆતના ભાગમાં પરંતુ નીચે હતું જેથી તેને પેશાબ કરતી વખતે તકલીફ થતી હતી. સામાન્યરીતે જન્મજાત હોય છે. આ ઉપરાંત પારીવારીક ઈતિહાસવાળા બાળકોમાં પણ આવી સ્થિતી સામાન્ય છે. આ દર્દીની સારવાર વોકહાર્ટ હોસ્પિટલના નિષ્ણાંત યુરોલોજીસ્ટ,એન્ડ્રોલોજીસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડો.નયન ટીંબાડીયાના દેખરેખ હેઠળ કરવામાં આવી હતી તથા ઓપરેશન દ્વારા તેના લીંગના

કાણાને મુળ જગ્યાએ કરવામાં આવ્યું. હાલ તે દર્દી સામાન્ય સ્થિતીમાં છે. ડો.નયનટીંબાડીયા વોકહાર્ટ હોસ્પિટલમાં તાજેતરમાં નિષ્ણાંત યુરોલોજીસ્ટ, એન્ડ્રોલોજીસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ સર્જન તરીકે જોડાયા છે તેઓએ એમ.બી.બી.એસ તથા એમ.એસ.નો અભ્યાસ જામનગરની પ્રખ્યાત મેડીકલ કોલેજ એમ.પી.શાહમાંથી કરેલ છે તેમજ ડી.એન.બી.ની તાલીમ બેંગલોરની એન.યુ. હોસ્પિટલમાંથી લીધેલ છે. ડો.નયન ટીંબાડીયાએ એન્ડ્રોલોજીના રોગો વિશે માહિતી આપતા જણાવેલ હતું કે, નપુંસકતા, સિઘ્ર પતન, લિંગ ઉત્થાનની સમસ્યા, નાનુ લિંગ, લિંગની ચામડીની સમસ્યા, વાંકા લિંગની સમસ્યા, શુક્રાણુની સમસ્યા, શુક્રપિંડની નશોની સમસ્યા, નસબંધીના ઓપરેશન, કિડનીમાં પથરી, પેશાબમાં લોહી, પેશાબની થેલી અને પ્રોસ્ટેટ ગ્રંથીનું કેન્સર વગેરેનો ઈલાજ વોકહાર્ટ હોસ્પિટલ ખાતે કરવામાં આવે છે તેથી ગભરાવાની જરૂર નથી. નપુંસકતા એટલે સેકસને સંતોષવા માટે પુરતું ઉત્થાન થવા અથવા ઉત્થાન જાળવવામાં પુરૂષની અસમર્થતા. નપુંસકતાના અમુક મનોવૈજ્ઞાનિક કારણો પણ છે જેમાં સતત તણાવ અથવા ચિંતા, બન્ને પાર્ટનર વચ્ચે મનભેદ, નબળા જાતીય પ્રદર્ષન વિશે ચિંતા, હતાશા, સ્મોકિંગ, લિંગમાં ખામીયુકત રકત પ્રવાહ અથવા ચેતા કાર્ય વગેરે હોય છે. ડો.નયન ટીંબાડીયાએ વધુ માહિતી આપતા જણાવેલ હતુ કે, ઈ.ડી.ના જોખમી પરિબળોમાં ડાયાબીટીસ, ૫૦ વર્ષથી ઉપરની ઉમર, હાઈ બી.પી., હૃદયરોગ, વધારે પડતુ કોલેસ્ટ્રોલ વગેરે હોય છે. આ ઉપરાંત જાતીય સમસ્યા માટે ઘણી સારવાર ઉપલબ્ધ છે જેમાં વેકયુમ થેરાપી, ઓરલ દવાઓ, ઈન્જેકશન થેરાપી અને પેનાઈલ પ્રોસ્થેસિસનો સમાવેશ થાય છે. વેકયુમ થેરાપીમાં ઈન્સ્ટુમેન્ટ દ્વારા પેદા થતા નકારાત્મક દબાણ સકશન દ્વારા લિંગમાં લોહીનો પ્રવાહ વધે છે તથા ઈન્જેકશન થેરાપી જેમાં લિંગની બાજુમાં ઈન્જેકશનથી દવા નાખવામાં આવે છે. પેનાઈલ પ્રોસ્થેસિસ જેમાં ઉત્થાન માટે લિંગમાં ડિવાઈસનું સર્જીકલ પ્લેસમેન્ટ કરવામાં આવે છે. વોકહાર્ટ હોસ્પિટલ ખાતે ડો.નયન ટીંબાડીયા ઈમરજન્સી સારવાર માટે ૨૪ કલાક ઉપલબ્ધ છે.

# ગીર સોમનાથનાં ખેડૂતોને શેરડીનાં ટન દીઠ રૂા.૨૩૦૦ મળશે : રાબડા સંચાલકોનો નિર્ણય

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૪

ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતોને શેરડીના ટન દીઠ રૂપિયા ૨૩૦૦ નો ભાવ ગોળના રાબડા વાળાઓ દ્વારા આપવામાં આવશે એવું પ્રાચી ખાતેની ગીર સોમનાથ જિલ્લા રાબડા એસોસીએશનની મળેલી એક બેઠકમાં નક્કી કરવામાં આવતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. ગીર સોમનાથ જિલ્લાના તાલાળા, કોડીનાર, ઉના, સુત્રાપાડા, ગીરગઢડા અને વેરાવળ તાલુકાના ગામડાઓમાં અંદાજે કુલ ૨૪૦ જેટલા ગોળના રાબડા ધમધમી રહ્યા છે. આ રાબડાઓ દ્વારા અત્યાર સુધીમાં ગીર સોમનાથ જિલ્લાના શેરડીના ઉત્પાદનમાંથી ૫૦% શેરડીનું પિલાણ કરી નાખ્યું છે.

ગીર-સોમનાથ જિલ્લાની ત્રણ મોટી સુગર ફેકટરીઓ છેલ્લા કેટલાક વર્ષથી બંધ પડેલી છે અને ગીર-સોમનાથ જિલ્લામાં શેરડીનું મોટાપ્રમાણમાં ઉત્પાદન ખેડૂતો દ્વારા કરવામાં આવતું હોય આ શેરડીના ખેડૂતોને પુરતા પ્રમાણમાં ભાવ મળતા ન હતા ત્યારે ગીર સોમનાથ જિલ્લા રાબડા એસોસિયેશનની પ્રાચી ખાતે મળેલી એક બેઠકમાં ગીર સોમનાથ જિલ્લાના તમામ રાબડાઓ દ્વારા ખેડૂતોને રૂપિયા ૨૩૦૦ ટન દીઠ આપવાનું નક્કી કરવામાં આવતા ખેડૂતોમાં આનંદની લાગણી ફેલાઈ હતી અને આ રકમ પણ ખેડૂતોને એક જ અઠવાડિયામાં ચુકવી આપવાનું રાબડા સંચાલકો દ્વારા નક્કી કરવામાં આવ્યાનું ગીર સોમનાથ જિલ્લા રાબડા એસોસિયેશનના પ્રમુખ બાલુભાઈ જેમાભાઈ ગોહિલે જણાવ્યું છે

# ૨૪મી જાન્યુઆરી-નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે

ભારતમાં દર વર્ષે ૨૪મી જાન્યુઆરીએ નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ઉજવવામાં આવે છે. ભારતીય સમાજમાં છોકરીઓ જે અસમાનતાનો સામનો કરે છે તે અંગે જનજાગૃતિ ફેલાવવા માટે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અને ભારત સરકાર દ્વારા ૨૦૦૮માં તેની શરૂઆત કરવામાં આવી હતી. આ દિવસ સંગઠિત કાર્યક્રમો સાથે ઉજવવામાં આવે છે જેમાં સેવ ધ ગર્લ ચાઈલ્ડ, બાળ જાતિ ગુણોત્તર અને છોકરીઓ માટે સ્વસ્થ અને સલામત વાતાવરણની રચના વિશે જાગૃતિ અભિયાનનો સમાવેશ થાય છે. ૨૦૧૯ માં, દિવસની ઉજવણી 'એમ્પાવરિંગ ગર્લ્સ ફોર એ બ્રાઇટર ટુમોરો' થીમ સાથે કરવામાં આવી હતી નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે ની ઉજવણીનો ઉદ્દેશ નીચે મુજબ છે.દેશમાં છોકરીઓ દ્વારા સામનો કરવામાં આવતી અસમાનતાઓને પ્રકાશિત કરો છોકરીના અધિકારો વિશે જાગૃતિને પ્રોત્સાહન આપો કન્યા કેળવણી, આરોગ્ય અને પોષણના મહત્વ અંગે જાગૃતિ ફેલાવો આંતરરાષ્ટ્રીય કન્યા દિવસની પહેલ પ્લાન ઈન્ટરનેશનલના પ્રોજેક્ટ તરીકે શરૂ થઈ, જે એક બિન-સરકારી સંસ્થા છે જે વિશ્વભરમાં કાર્યરત છે. પ્લાન ઈન્ટરનેશનલના બીક આઈ એમ એ ગર્લ ઝુંબેશમાંથી આંતરરાષ્ટ્રીય દિવસનું પાલન અને ઉજવણી કરવાનો વિચાર વિકસ્યો છે, જે વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને વિકાસશીલ દેશોમાં છોકરીઓના પાલન-પોષણના મહત્વ વિશે જાગૃતિ લાવે છે.

-ડો.જી.આર.ગોહિલ

# ખડખડાટ હસવા માટે થઈ જાઓ તૈયાર, કારણ કે શેમારૂમી ઉપર ખૂલશે તમારી ફેવરિટ 'ગોટી સોડા'

## રંગમંચના દિગ્ગજ કલાકાર સંજય ગોરડિયા આ પ્રોજેક્ટ સાથે જ વેબસિરીઝના માધ્યમમાં ડેબ્યુ કરી રહ્યા છે

અમદાવાદ, તા.૨૪

'ધૂઆંધાર', 'યમરાજ કોલિંગ' 'બેનકાબ', 'ઠાકર કરે એ ઠીક અને 'પુરી પાની' જેવી ફિલ્મ, વેબસિરીઝ અને નાટકની સફળતા બાદ શેમારૂમી પોતાના ગુજરાતી પરિવાર માટે વધુ એક ઈન્ટ્રેસ્ટીંગ પ્રોજેક્ટ લઈને આવી રહ્યું છે. શેમારૂમી ઉપર ટૂંક સમયમાં જ નવી વેબસિરીઝ 'ગોટી સોડા' રિલીઝ થવાની છે. દર્શકો માટે ઈન્ટ્રેસ્ટિંગ વાત એ છે કે રંગમંચના દિગ્ગજ કલાકાર સંજય ગોરડિયા આ પ્રોજેક્ટ સાથે જ વેબસિરીઝના માધ્યમમાં ડેબ્યુ કરી રહ્યા છે. એટલે કે હાસ્ય સમ્રાટ સંજય ગોરડિયાની આ પહેલી ગુજરાતી વેબસિરીઝ છે. આ વેબસિરીઝ પ્રફુલ પારેખ નામના એક વ્યકિતના પરિવારની છે. પપ્પુ તરીકે ઓળખાતા શેરબ્રોકર પ્રફુલને જીવનમાં માત્ર એટલી ઈચ્છા છે કે, તેમની સવારની ચા તે શાંતિથી પી શકે. પરંતુ તેમનો અતરંગી પરિવાર રોજ સવારે કોઈ નવી મુસીબતને લઈને હાજર થઈ જાય છે.જો કે પ્રફુલ પારેખ પૂરી શ્રદ્ધા અને તાકાતની સાથે ખુશમિજાજ અને જિંદાદિલીથી પરિવાર ઉપર આવેલી મુશ્કેલીઓ સામે લડે છે. હવે પ્રફુલના પરિવાર ઉપર આવેલી મુશ્કેલીઓ તમને ખડખડાટ હસાવશે. હવે જ્યાં શેમારૂમી અને સંજય ગોરડિયાની હાજરી હોય ત્યાં મનોરંજનની ગેરંટી તો હોવાની જ. તો સંજય ગોરડિયાની સાથે સાથે 'ગોટી સોડા'માં પ્રાથી ધોળકિયા, ચેતન દૈયા, ભૂમિકા પટેલ, ભાવિની જાની અને જીયા ભટ્ટ જેવા મંજાયેલા કલાકારો જોવા મળશે. એટલે કે આ સીટકોમ ફેમિલી ડ્રામા એક ફૂલફ્લેજડ પેકેજ છે, જે દર્શકોને બિલકુલ નિરાશ નહીં કરે. વેબસિરીઝને લઈને સંજય ગોરડિયાનું કહેવું છે કે, નાટકોમાં દર્શકોએ મને અઢળક પ્રેમ આપ્યો છે, મેં હિન્દી ફિલ્મો પણ કરી છે. જો કે આજકાલ વેબસિરીઝ ચલણમાં છે, ત્યારે હવે મેં દર્શકોને હસાવવા માટે વેબસિરીઝ પણ અજમાવી લીધી છે. એક ફૂડી વ્યકિત તરીકે ગોટી સોડા મેં ખૂબ પીધી છે. ખાટી અને તમતમતી ગોટી સોડાની જેમ જ આ વેબસિરીઝ પણ દર્શકોને હાસ્યનો ડોઝ આપીને તકલીફોનો ગેસ દૂર કરી દેશે. ૨૭ જાન્યુઆરીએ શેમારૂમી ઉપર રિલીઝ થનારી આ વેબસિરીઝને લઈને દર્શકો પણ ઉત્સાહિત છે. ખાસ કરીને સંજય ગોરડિયાના ફેન્સ માટે તો આ વેબિસિરીઝ ન્યૂ યર ગિફ્ટ જ છે.

અત્યાર સુધી જેમને તક્ષા પર માણ્યા છે, તેમને હવે વેબસિરીઝમાં જોવાનો લ્હાવો લેવા ફેન્સ તૈયાર છે.ગુજરાતી મનોરંજન ક્ષેત્રે શેમારૂમી સૌથી વધુ અને નવું કન્ટેન્ટ ધરાવતું પ્લેટફોર્મ છે. શેમારૂમી ઉપર દર અઠવાડિયે એક નવી મૂવી, વેબસિરીઝ કે નાટક રિલીઝ થઈ રહ્યા છે. ૫૦૦થી વધુ ગુજરાતી નાટકો, ફિલ્મો, વેબસિરીઝ ધરાવતું આ વિશ્વનું એકમાત્ર પ્લેટફોર્મ છે. આનંદની વાત એ છે કે વિશ્વના કોઈ પણ ખૂણેથી તમે પોતાની ભાષાનું મનોરંજન શેમારૂમી ઉપર માણી શકો છો.

## સંસારની ઘટમાળ

ઘટમાળ છે જગની આ, કોઈ કળી શકે ના,
છે આશ સૌની ઊંચી, એકેય ફળી શકે ના.
આ જગમાં ક્યાંથી આવ્યા ને જગથી ક્યાં જવાના,
આ રાઝનો તાળો કોઈને મળી શકે ના.
જિંદગીની સફરમાં તો મોડ ઘણાં આવશે,
થાકી ગયેલા રાહીને મંઝિલ મળી શકે ના.
પરપોટા જેવું જીવન ને ક્ષણભંગુર છે કાયા,
ઈશ્વરની લીલા પાસે કોઈની દાળ ગળી શકે ના.
તકલીફ વેઠ્યા સિવાય કોણ આગળ વધી શકે છે ?
અનુભવથી જે ઘડાય એને કોઈ છળી શકે ના.
હિમ્મતથી કામ લે, એ ધાર્યું કરી શકે છે,
અડગ મનનો માનવી, પાછો વળી શકે ના.
સજ્જન અને દુર્જન એ તરાજુનાં બે પલ્લાં છે,
સાધુની જમાતોમાં કદી દુર્જન ભળી શકે ના.

લેખન : યોગેશભાઈ આર જોષી, હાલોલ.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# પાંચ રાજ્યો પૈકી ઉત્તરપ્રદેશની ચૂંટણીનું મહત્વ કેમ ?

દેશના પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ યોજવા જઈ રહી છે તેમાં ભાજપાએ ઉત્તરપ્રદેશની ચૂંટણીને પ્રાધાન્ય આપવા સાથે યૂપીની ચૂંટણી જીતવા એડીચોટીનું જોર લગાવી દીધુ છે. હિન્દુત્વનો તેમજ કાશી મથુરા મુદ્દો વ્યાપક નહિ બનતા બ્રાહ્મણ નેતાઓની સમિતિ બનાવી બ્રાહ્મણોને મનાવવા મેદાનમાં ઉતારી દીધી છે તો દલિતોના મત મેળવવા દલિત નેતાઓને મોટી ફોજ મેદાનમાં ઉતારી દીધી છે... પરંતુ યુપીમાં મંત્રી મૌર્ય સાથે ધારાસભ્યોનાં ભાજપની યુપી સરકાર અને ભાજપમાંથી રાજીનામાં તેમજ અનેક ભાજપના નાના-મોટા નેતાઓ સમાજવાદી પાર્ટી સાથે જોડાઈ જતાં ભાજપને યુપીની ચૂંટણી જીતવા એડીચોટીનું જોર લગાવી દીધુ છે. ભાજપાએ અહીં અપના દળ અને નિશાદ પાર્ટી સાથે મળીને ચૂંટણી મેદાનમાં છે. ભાજપને સૌથી વધુ ચિંતામાં મૂકનાર અખિલેશે ભાજપમાંથી આવેલા મંત્રીઓ ધારાસભ્યોને ટિકિટ આપી છે... તેમજ યુપીના જાતિવાદી નાના ૧૧ પક્ષોને પોતાની સાથે લઈ લીધા છે જેથી ભાજપ ભીસમાં આવી ગયો છે. અહીં નોંધનીય બાબત એ છે કે, સ્વામી પ્રસાદ મૌર્યએ ભાજપ છોડી દેતા ભાજપાએ આપના દલ આને નિશાદ પાર્ટી સાથે સમજૂતી કરવામાં ઝડપ વધારવી પડી હતી... જેમાં નિશાદ પાર્ટીને ૧૭ બેઠક અને અપના દલને ૧૪ બેઠકો આપવી પડી છે... જોકે, ભાજપાએ જીતનો રસ્તો સાફ કર્યો છે. ભાજપને સપાનું જાતિવાદી રાજકારણ નડી રહ્યું છે... તો મંડલ રાજકારણનો મોટો ડર સતાવી રહેલો છે.....! કોંગ્રેસે મહિલાઓને ઉમેદવાર બનાવતા ભાજપ, સપા સહિતના પક્ષોને મોટો ઝટકો આપ્યો છે કોંગ્રેસે ૪૦ ટકા મહિલાઓને ટિકિટ ફાળવી છે. યુપીમાં સૌથી પ્રભાવી ગણાતા વારાણસી કાશી વિશ્વનાથ મંદિર અને સંકટ મોચન મંદિરના મહંતે ભાજપનો વિરોધ કર્યો છે તે એવું કહીને વિરોધ કરે છે કે, કાશી વિશ્વનાથ કોરિડોર બનાવવા માટે નાના મંદિરોનો ખુરદો કાઢી નાખ્યો છે જે માટે ભાજપાને કદી માફ ન કરી શકાય ઈશ્વર અને દેવીમાતા ભાજપને કાશીમાંથી બહાર કાઢશે. અને આવા સમયમાં મુલાયમસિંહના નાના પુત્રના પત્ની અપર્ણા ભાજપમાં જોડાતા મુલાયમસિંહ અને અખિલેશ સપાને મોટો ઝટકો લાગ્યો પરંતુ ભાજપાએ લખનઉ કેન્ટની ટિકિટ આપવાની ખાત્રી આપતા ભાજપમાં ભારે વિરોધ થયો છે.... જ્યારે કે નાયબ મુખ્યમંત્રી દિનેશ શર્મા અને બ્રિજેશ પાઠકઆ બેઠકના દાવેદાર છે તેમજ રીટા બહુગુણા એ પણ ધમકી આપતા કહ્યું છે કે, મને અથવા મારા પુત્રને કેન્ટ બેઠક આપો નહિતર ભાજપ છોડી જઈશ... જો આ ત્રણેય ભાજપ છોડી દે તો....! આ કારણે ભાજપની સ્થિતી સાપે છછુંદર ગળ્યા જેવી થઈ છે.....!

ઉત્તર પ્રદેશ એક એવું રાજ્ય છે કે, જે દિલ્હી જવાનો રસ્તો છે અને એટલા માટે મુખ્યમંત્રી યોગી તો ખરાજ... પરંતુ વડાપ્રધાન ખુદ, અમિત શાહ સહિતના અનેક ભાજપના દિગ્ગજ નેતાઓએ યુપી જીતવા એડીચોટીનું જોર લગાવી દીધુ છે. તે સાથે અભી તો યે ઝાંખી હૈ કાશી મથુરા બાકી હૈ નો નારો ગજાવી જીત મેળવવા મેદાને જંગ ખેલી રહ્યા છે. જ્યારે કે અખિલેશ યાદવે ૧૧ નાના પક્ષોને પોતાની સાથે લઈ લીધા છે કે, જેઓ જાતિગત આધારિત પક્ષો છે અને સપાનો આ વ્યુહ ભાજપ માટે મોટો માથાનો દુઃખાવો બની રહ્યો છે....! ઉપરાંત સપાની યુપીના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પકડ છે જે તેને ફાયદો કરાવી શકે... યુપીમાં દલિત રાજનીતિ અને બ્રાહ્મણ લોબી, ઠાકોર, યાદવ, જાટ જ્ઞાતિનું પણ એટલું જ મહત્વ વધુ પ્રમાણમાં છે અને આ બે જાતિ દિલ્હી જવાનો રસ્તો નક્કી કરશે તેવું દેખાઈ રહ્યું છે.....! જ્યારે કે માયાવતી આજ દિવસ સુધી મૌન રહ્યા છે તેઓ શું નિર્ણય કરે છે તેના ઉપર રાજકીય ધૂરંધરોની નજર મંડરાયેલી છે. બીજી તરફ પ્રિયંકા ગાંધીના વડપણ હેઠળ ચૂંટણી લડતી કોંગ્રેસ ૪૦ ટકા મહિલાઓને ટિકિટ આપવાનું કાર્ડ કેવા રંગ લાવશે તે તો ચૂંટણી પરિણામો પછી જ સૌ કોઈ જાણી શકશે. ઉત્તરપ્રદેશનાં જ્ઞાતિ-જાતી રાજકારણે તો દિલ્હીમાં કોણ કયો પક્ષ ફાવશે તેનું અંકગણીત એટલે ઉત્તરપ્રદેશની રાજનીતિ અનોખી છે...!!

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જેના આધારે બીજા ઘણા લોકો જીવી જાય
એ મનુષ્ય જ ખરા અર્થમાં જીવે છે.

- વિષ્ણુ શર્મા

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૩, પા.શહેરેવર-૧૩૯૧, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં.૨૦૭૮, પોષવદ-૬, તા.૨૪જાન્યુઆરી ૨૦૨૨, સોમવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૨૦, હસ્ત નક્ષત્ર, સુકર્મા યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૩૫, સૂ.અ.૬:૩૨
આજનો દિવસ મધ્યમ છે.
આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), રાત્રે ૧૧:૦૭ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

### પ્રથમ વર્ષનાં પૂર્ણાંતે સેવા સપ્તાહ ઉજવણીનાં ભાગરૂપે

# માજી મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં શિવ હોસ્પિટલ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું સફળતાપૂર્વક આયોજન

(પંકજ ઝિબા દ્વારા)

રાજકોટ તા.૨૪

શિવ આર્થોપેડિક મલ્ટીસ્પેશીયાલીટી અને ટ્રોમા સેન્ટરનો તા.૧ જાન્યુઆરી ૨૦૨૨નાં રોજ સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ કરેલ છે. આ અવસર નિમિત્તે ગુજરાતનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટનાં પનોતા પુત્ર એવા વિજયભાઈ રૂપાણીએ તેમનો અમૂલ્ય સમય ફાળવી પ્રસંગમાં હાજરી આપી શોભામાં અભિવૃધ્ધિ કરેલ. પહેલી વર્ષગાંઠ નિમિત્તે હોસ્પિટલમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરેલ હતું. જેમાં ૧૨૫ યુનિટથી વધારે સ્ટાફ તથા સ્નેહીજનો દ્વારા બ્લડ ડોનેશન માટે હાજરી આપેલ હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી થઈ હતી. હોસ્પિટલનાં સાત ડિરેકટર ડો. શ્યામ ગોહિલ, ડો. કે.પી. તરાવિયા, ડો. સી.પી. રબારા, ડો. હિરેન કોઠારી, ડો. ભાવેશ સચદે, ડો. રાજેશ જાની અને ડો. અમિષ સંઘવીની હાજરી સાથે હોસ્પિટલ શરૂ કરવાનો વિચાર અને હેતુની વાત કરતા ડો. ભાવેશ સચદેએ જણાવ્યું કે, રાજકોટ અને સૌરાષ્ટ્રનાં દર્દીઓને સારવાર માટે બહાર કયાંય જવું ન પડે અને એક જ જગ્યાએ તમામ ઓર્થોપેડિક સારવાર મળી શકે તે માટે આ હોસ્પિટલનો પ્રોજેકટ લોન્ચ કર્યો હતો. આ દરમ્યાન શાબ્દિક સ્વાગતમાં ડો. હિરેન કોઠારી દ્વારા માહિતી આપવામાં આવેલ કે ફાયરની સંપૂર્ણ સેફટી માટેની વ્યવસ્થા સાથે શરૂ કરવામાં આવેલ આમ હોસ્પિટલમાં ગુજરાત સરકારનાં સોલાર પ્રોજેકટને લઈ સોલાર પેનલ લગાડવામાં આવેલ છે. તદુપરાંત તાજેતરનાં આઈસીયુમાં આગનાં બનાવને ધ્યાનમાં લઈને પુરતા મશીન અને જગ્યાની મોકળાશ સાથે આઈસીયુ બનાવવામાં આવેલ છે અને ફાયરની તમામ તથા શકય એટલી વધુ સાવચેતીનાં પગલા લેવામાં આવેલ છે. ગત વર્ષ દરમ્યાન હોસ્પિટલમાં ત્રણ મહિના સુધી કોરોના વોર્ડ સાથે ઓર્થોપેડિક સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ હતી. સ્પાઈન સર્જન ડો.અમિષ સંઘવી સાથે પૂર્ણટીમ આર્થરોસ્કોપી સર્જન ડો. કૌશલ્ય પટેલ, ન્યુરો સર્જન ડો. નિધિકુમાર પટેલ, ફિઝિશિયન ડો. ઉમેશ વાઘેલા અને જુનિયર ઓર્થોપેડીક સર્જન ડો. નીલ ગોહિલ સંપૂર્ણ પણે કાર્યરત હોય છે. વિજયભાઈ રૂપાણીએ તેમનાં શુભેચ્છા સંદેશમાં 'જીવથી શિવ' સુધીની યાત્રા દરમ્યાન દર્દીઓને સારામાં સારી સારવાર મળી રહે તે માટે હોસ્પિટલમાં અદ્યતન મશીન, લેમિનાર એર થિયેટર, હોસ્પિટલનો સ્ટાફ અને દરેક વ્યકિત નાની ઉંમર કે મોટી ઉંમરનો ધ્યાનમાં રાખીનો કરવામાં આવેલ સુવિધાઓનું નિરીક્ષણ વિજયભાઈ રૂપાણીએ કર્યું હતું. સાંધા બદલાવવા માટેનાં અધ્યતન સાધનો આધુનિક મશીનરી અને સારવાર પ્રક્રિયાઓ ઈમર્જન્સી મેનેજમેન્ટ એમ્બ્યુલન્સાની સગવડ સીટી સ્કેન અને લેબોરેટરીની સુવિધાઓ વગેરેની ઉપલબ્ધિ વિષે જાણીને મુખ્યમંત્રી પ્રભાવિત થયા અને જનાતા દર્દી માટે ઘર આંગણે આટલી સગવડ પ્રાપ્ત છે તે જાણીને તેમણે સંતોષ વ્યકત કરેલ હતો. ઈશ્વર આપ સહુ ડોકટર્સને દર્દીની સારવાર અને સેવા કરવાની અવિરત શકિત આપે અને દર્દી સાજા થઈ જાય તેવા શબ્દોથી વિજયભાઈએ કાર્યક્રમનો દોર આગળ વધારવાનો સંકેત આપ્યો હતો. આજ મહિનામાં શિવ હોસ્પિટલનાં બેનર હેઠળ બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષારોપણ, ગૌશાળાની મુલાકાત તથા આર્થિક યોગદાનનું આયોજન કરવામાં આવેલ છે. તદુપરાંત સમગ્ર મહિના દરમ્યાન જોઈન્ટ રિપ્લેસમેન્ટ, આર્ગરોસ્કોપી, સ્પાઈન સર્જરી, મગજનાં રોગથી સરવાર. કોવિડ બાદની કાયમી તકલીફ તથા પેટ અને આંતરડાને લગતી બિમારી માટેનાં નિશુઃલ્ક(ફકત ટોકન રજીસ્ટ્રેશન જરૂરી છે) કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જરૂરી માહિત માટે હોસ્પિટલનાં નંબર ૯૬૩૮૯૦૧૦૦૦ ઉપર તપાસ કરવા સેન્ટર હેડ સતિષકુમારએ અપીલ કરેલ છે. દરમ્યાન દર્દીને કે તેમનાં સગાને કોઈ તકલીફ ન પડે અને દરેક દર્દીને શાંતિ મળે તે માટેનાં પ્રયાસો માટે દરેક ડોકટરનું અભિવાદન કર્યું હતું. વિજયભાઈએ આઈસીયુ વોર્ડમાં દર્દીઓને મળી તેમનાં ખબર અંતર પૂછયા હતા અને બધા દર્દી સ્વસ્થ છે તેની ખાતરી કરી હતી. તેમજ દર્દીઓની દરેક સુવિધા વ્યવસ્થાનું પુરતું ધ્યાન અપાય છે તેવી જાણકારી મળતા વિજયભાઈ ખૂબ આનંદ વ્યકત કર્યો હતો. વિજયભાઈએ જનરલ બોર્ડ સેમી સ્પેશ્યલ વોર્ડ અને સ્પેશ્યલ વોર્ડનાં દરેક પેશન્ટને મળવા ગયેલ હતા અને તેઓ સ્વસ્થ છે તેની ખાતરી કરેલ હતી. શિવ હોસ્પિટલમાં ઓર્થોપેડિક સારવારની સાથે સાથે ફિઝિશિયન અને ઈન્ટેન્સિવ, લેપ્રોસ્કોપિક સર્જન, આર્ગરોસ્કોપી સર્જન, હેન્ડ સર્જરી, પીડીયાટ્રીક ઓર્થોપેડિક સર્જન, ઓર્થોપેડિક ઓન્કોસર્જન, ન્યુરોસર્જન, જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, સ્પોર્ટસ ઈન્જરી સર્જન, સ્પાઈન સર્જન પણ ઉપલબ્ધ છે. રાજકોટ અને સૌરાષ્ટ્રનાં દર્દીઓ માટે આ હોસ્પિટલ એક વરદાન છે તેવી ખાતરી સાથે વિજયભાઈ રૂપાણીએ બ્લડ ડોનેશન કેમ્પ સફળ રહે તેવા શુભાશિષ પાઠવ્યા હતા. તેમની હાજરી શિવ હોસ્પિટલનાં ડિરેકટર્સ વતી સેન્ટર હેડ સતીશ કુમાર સિંઘે આભાર વ્યકત કરેલ હતો.

# ખુદી કો કર બુલંદ : બંધ આંખે જોયેલ સ્વપ્ન ખુલ્લી આંખે સાકાર કરતા બે ભાઈઓ...

કહેવાતું હોય છે કે, સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય ! આ કહેવતને ધ્યાનમાં રાખીને કચ્છના એક નાનકડા ગામ હમીરપરનાં (હાલ કલોલ) બે ભાઈઓ રાજેશભાઈ તથા નરેશભાઈ બાબુભાઈ પ્રજાપતિ કે જેઓએ આજે GPSCની નર્મદા જળસંપતિ પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, મદદનિશ ઈજનેર(Class-2)ની પરિક્ષા પાસ કરીને હારીજ અને મહેસાણા ખાતે પોતની ફરજ બજાવી રહ્યા છે. આ સિદ્ધિ તેઓને એમને એમનથી મળી, જેમ કહેવાતું હોય છે કે, લાખ ઠોકરો વાગે ત્યારે પર્વતને સર કરી શકાય ! તેવી જ રીતે મોટા ભાઈ રાજેશએ પિતા અને માતાને બાળપણમાં ખેતરે કામ કરતાં જોયા અને ત્યારબાદ પિતાનાં કડિયાકામના વ્યવસાયમાં તેઓને સિમેન્ટવાળા લથપથ શર્ટમાં જોઈને મનમાં દ્રઢનિશ્ચય કર્યો કે, જીવનમાં કંઈપણ થાય પરંતુ મારે ખુદના માટે તથા પરિવાર માટે એક એવો મુકામ હાંસલ કરવો જ છે કે, આવનારા ભવિષ્યમાં આ રીતે પપ્પાએ મજૂરીકામ ન કરવું પડે ! અભ્યાસ સાથે-સાથે તેઓ કેટલીક વાર પપ્પા સાથે મજૂરીએ પણ જતા. ધીમેધીમે અહેસાસ થયો કે, હું અભ્યાસમાં સારી પકડ ધરાવું છું તો કોલેજ સાથે સાથે ટ્યુશન પણ કરાવું. એક બાજું એન્જિનીયરીગ પૂરૂ કર્યું અને બીજી બાજું પોતાનો ખર્ચ પણ જાતે જ ઉઠાવી લીધો. ધીમેધીમે મનનાં દ્રઢ સંકલ્પે રસ્તો કાઢી આપ્યો. અભ્યાસ પૂર્ણ થવાનો હતો ત્યારે GPSCની ભરતી(મદદનીશ ઈજનેર તરીકેની) બહાર પડી ત્યારે તેઓએ તેની તૈયારી કરવાનું શરૂ કરી લીધુ. પરંતુ તે પહેલી વખતમાં તે પાસ નહોતા કરી શક્યા. હતાશ થયા વગર વિચાર્યું કે, હું કરી જ શકું એમ છુંબસ તૈયારી વધુ કરવી પડશે ! તો ફરી વાર વધુ મક્કમતાથી તૈયારી શરૂ કરી અને બીજી તરફ માસ્ટર ડિગ્રી પણ ચાલું રાખ્યું. માસ્ટર ડિગ્રીનો અભ્યાસ પૂર્ણ થયો અને બીજી તરફ આ પરિક્ષામાં પણ ધ્યાન આપ્યું. સતત પ્રયત્નો ચાલુ જ રાખ્યા, પરંતુ માસ્ટર્સ પૂરૂ થયું તો હવે શું ? એ વિચાર મનમાં ઝઝૂમતો હતો એવામાં તેઓએ ઘરમાં આર્થિક રીતે મદદરૂપ થવા એક પ્રાઈવેટ કોલેજમાં પ્રોફેસર તરીકે નોકરી શરૂ કરી. બીજી બાજુ પરીક્ષાની તૈયારી પણ ચાલું જ રાખી. મનમાં તો હતું કે, આ વખતે હું કરી જ લઈશ પણ મહેનત રંગ ના લાવી તેથી તેઓએ હવે મક્કમ મને નોકરી છોડી દીધી અને ફક્ત એક જ ધ્યેય સંપૂર્ણ ધ્યાન કેંદ્રિત કરી દીધુ. આ બધુ જ નાનો ભાઈ નરેશ ખુબ જ ચિવટાઈથી નિહાળી રહ્યો હતો. તેનું એન્જિનીયરીંગ પણ પૂરૂ થયું હતું એ સમયે, તેથી ભણવામાં હોંશિયાર ભાઈ નરેશ પણ રાજેશના સાથે સાથે તૈયારીમાં લાગી ગયો. તેણે GATE-૨૦૧૯ પાસ કરી અને જ્યારે છેલ્લા વર્ષમાં જોબ પ્લેસમેન્ટ વખતે તેનું સિલેકશન નહોતું થયું તો દુઃખ થયું કે હું સિલેકટ ના થયો ! પણ પછી 'કઠોર પરિશ્રમનો કોઈ જ વિકલ્પ નથી' એ કહેવતને અનુસરીને નરેશને પણ એક અને એજ વિચાર હતો કે, પરિવાર તેના ઉપર પણ ગર્વ કરે ! નરેશભાઈ પણ GPSC(Class-2) મદદનિશ એન્જિનીયરની પરિક્ષાની તૈયારીમાં લાગી ગયા. મનોમન જે વિચાર કર્યો હતો કે મારે કંઈક બનવું જ છે. તેના માટે તેઓએ રાત-દિવસ મહેનત કરી અને સફળતા મેળવી પણ. આજે નરેશ મહેસાણા ખાતે પોતાની ફરજ બજાવે છે. તેનું કહેવું છે કે, સફળતાની પરિભાષા બધાની અલગ જ હોય છે પણ સફળતા એક સફર છે ના કે જીવનનું પૂર્ણવિરામ. અમારા બે ભાઈની આ સફળતા પછી મેં જોયું કે લોકોનો અમારા પરીવાર પ્રત્યેનો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો. અમારી સફળતા અત્યારે જે લોકો તેની સફર ઉપર છે એમના માટે એક પ્રેરણા બને એવી આશા છે. અત્યારે હું સરકારી અધિકારી વર્ગ -૧ માટેની સફર ઉપર છું. સફળતા મેળવવાની સફરમાં ક્યારે મેં આળસ કરી હોય એવું લાગ્યું નથી. બે વર્ષ સતત કોઈ એક લક્ષ્ય ઉપર ધ્યાન આપવું. જેમાં ઘણી બધી જીવનની પ્રાથમિકતા પાછળ રહી જાય છે. પરંતુ આજે ખૂદ ઉપર વિશ્વાસ વધી ગયો છે.

**અહેવાલ : ચૈતાલી પ્રજાપતિ**

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૨૪-૧-૨૦૨૨ થી ૩૦-૧-૨૦૨૨ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સમય દરમ્યાન જીવનમાં વિશેષ આનંદ રહે. આરોગ્ય બાબતે કાળજી રાખવી હિતાવહ. પ્રવાસ ટાળવો, જૂના સ્નેહિઓથી મિલન-મુલાકાતમાં સફળતા રહે. મનની નિર્ણાયક શક્તિમાં ચંચળતા રહે જેથી અગત્યના નિર્ણયો લેવામાં સમસ્યા રહે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. જમીન, મકાન, વાહનને લગતા કાર્યોમાં સફળતા મળે. રચનાત્મક કાર્યોમાં સફળતા મળે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમ્યાન ધીરજ રાખવી હિતાવહ, ક્રોધ ઉપર કાબુ રાખવો. અધ્યાત્મિક કાર્યોમાં અભિરૂચિ રહે. નવા સંબંધો બંધાય, આર્થિક આયોજનમાં સફળતા મળે, ગૃહજીવનને લગતા કાર્યોમાં વધારો થાય. નવિન ઓળખાણથી લાભ. જૂના મતભેદો નિવારી શકશો. રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રે અશાંતિ રહે. શત્રુ વર્ગથી સાવચેતી રાખવી.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમ્યાન સારા-નરસા અનુભવોમાંથી પસાર થવું પડે. હરિફ વર્ગ તમારી યશ-પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડે અનો વાતાવરણ બગાડવા પ્રયત્ન કરે તેમ છતા તે ફાવે નહીં. સંતાન માટે ખર્ચનો પ્રસંગ બનો. ભાગીદારથી મનદુઃખ રહે. જીવનસાથીથી મુશ્કેલી રહે પણ ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું. તન, મન, ધનથી કાર્ય કરશો તો લાભમાં રહેશો.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમ્યાન બેચેનીભર્યું વલણ રહે. માનસિક થાક અનુભવાય. આર્થિક સ્થિતિ સારી રહી. વધારાની આવકને ભવિષ્ય માટે રોકાણ કરવાથી લાભદાયી રહે. જીવનસાથીની પ્રગતિથી હર્ષ થાય. કૌટુંબિક વલણ સ્વમાનભર્યું રહે છતાં અહમમાં ન રહેવું નહિંતર નુકશાનકારી સાબિત થાય. પેટની તકલીફ અનો પાચનતંત્ર ન બગડે તેની સાવધાની રાખવી.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ નોકરી વ્યવસાયમાં અત્યંત પ્રગતિકારક રહે. ધાર્મિક, માંગલિક કાર્યોમાં પ્રગતિ થાય. વિરોધીઓ કાર્યક્ષેત્ર બગાડવા પ્રગતિશીલ રહે છતાં તેઓને સફળતા ન મળે. માનસિક ઉશ્કેરાટ રહે. આરોગ્ય બાબતે જાળવવું. પારિવારીક જીવનમાં હર્ષોલ્લાસનું વતાવરણ રહે. શેર-સટ્ટા વગેરેથી દૂર રહેવું નહિંતર આર્થિક નુકશાનીના ભોગ બની જવાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમ્યાન પારિવારીક સંઘર્ષનો ભોગ બનવાનો વખત આવે. આર્થિકક્ષેત્રે સમસ્યારૂપ બનનારા સપ્તાહમાં આવક-જાવક સરભર રહે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીની મદદ મળે. નાણાકીય બાબતો કે જામીનાગીરીની બાબતોમાં સાવચેતી જરૂરી બને. જીવનસાથી સાથે મતભેદ રહે. ધીરજથી કુનેહપૂર્વકનું વર્તન કરવું.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમ્યાન આકસ્મીક પ્રવાસ થાય, કાર્યબોજમાં વધારો થાય. નાણાંકીય રીતે ધીરે-ધીરે પ્રગતિથતી જોવા મળે. મિત્ર વર્ગથી લાભ મળે. સંતાનના આરોગ્ય બાબતે સાવધાની રાખવી. મનમાં ગુપ્ત મુંઝવણ અનુભવાય. જીવનસાથીનો સહકાર મળે. આરોગ્ય સંભાળવું. ખાન-પાનમાં પરેજ રાખવી.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન કોઈ નવું સાહસ ન કરવું હિતાવહ. આવક-જાવક સરભર રહે. મહેનતનું શુભ ફળ મેળવી શકાશે છતાં નાણાંકીય વ્યવહારોમાં સાવધાની રાખવી. બદલી કે બઢતીના યોગ છે. મનમાં ચંચળતા અનુભવાય. ગૃહજીવનમાં કલેશ ન સર્જાય તે જોવું. સાસરા પક્ષ દ્વારા લાભ થાય.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમ્યાન કાર્યક્ષેત્ર પ્રગતિકારક રહે તેમ છતાં આ સમય દરમ્યાન વધુ લાભને અટકાવે તેવી પરિસ્થિતિ ન સર્જાય તેની કાળજી રાખવી. એકંદરે આર્થિક સ્થિતિ સારી રહે. મનપસંદ ખરીદી થાય. ધંધાદારી માટે લાભદાયી સમય રહે. ભાગીદારીથી દૂર રહેવું, નોકરીયાત માટે શ્રેષ્ઠ સમય, સ્વાસ્થય સામાન્ય રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સમય દરમ્યાન તમનો કાર્યમાં સફળતા મળે. ધંધાકીય ક્ષેત્રે નાણાંકીય ખર્ચ વર્તાય, પરંતુ કાર્ય અટકે નહીં. વધુ પડતા માલનો ભરાવો કરવો નહીં. નવિન સમાચાર મળે. મનની મુરાદ પૂરી થાય. અવિવાહિત વર્ગના વિવાહ-લગ્નમાં રૂકાવટ આવે. પત્નીની ઘેર-હાજરીના કારણે ઘર અસ્તવ્યસ્ત થઈ જાય. મહત્વના કાર્યો કરી શકશો.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમ્યાન તમારી રચનાત્મક પ્રવૃત્તિઓ અત્યંત વેગવંતી બનવા લાગે, તમે સેવેલી આશા ફળદાયી નીવડે, મનમાં ચંચળતાનો અનુભવ થતો લાગે તેમજ આર્થિક સમસ્યા રહે. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યાપાર-ધંધાના ક્ષેત્રમાં કાળજી રાખવી જરૂરી છે. લાંબા સમયથી વણઉકેલ્યા પારિવારીક પ્રશ્નોનો ઉકેલ આવે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

વ્યર્થ ઉદાસી ઘેરી ન વળે તેની તકેદારી રાખજો. નાણાંકીય ક્ષેત્રે તમારી આવક-જાવક સરભર રહે. મોજ-શોખનો લગતા વ્યર્થ ખર્ચ ન થાય તેની સાવચેતી રાખવી. પારિવારીક સમસ્યામાં મદદરૂપ બનાવું પડે. આર્થિક સમસ્યા હળવી બનો. નોકરીયાત વર્ગે ઉપરી અધિકારી સાથે મતભેદમાં ન ઉતરવું અન્યથા નુકશાનીના ભોગ બનવું પડે.

### વૈજ્ઞાનિકોને મળ્યા મજબૂત પુરાવા

# ૨૦૦૦ વર્ષ પહેલાં પણ થતી હતી એડવાન્સ સર્જરી : રિપોર્ટ

**પુરાતત્ત્વવિદોને ૨૦૦૦ વર્ષ જૂની ખોપરી મળી આવી છે અને આ ખોપરીને કોઈ ધાતુથી જોડવામાં આવી છે**

નવી દિલ્હી,તા.૨૪

મેડિકલ સાયન્સએ આજના યુગમાં એટલી પ્રગતિ કરી છે કે શરીરમાં મોટા ભાગના રોગોની સારવાર થઈ શકે છે પરંતુ શું તે હજારો વર્ષ પહેલાં શક્ય હતું? જો કોઈના અંગો તૂટી જાય તો શું તેને જોડી શકાતા હતા? આ પ્રશ્નના જવાબમાં વૈજ્ઞાનિકોએ ૨,૦૦૦ વર્ષ જૂની ખોપરી શોધી કાઢી છે જે સૂચવે છે કે આપણા પૂર્વજો પણ ખૂબ બુદ્ધિશાળી હતા. અમેરિકાના ઓકલાહોમામાં મ્યુઝિયમ ઓફ ઓસ્ટિઓલોજીમાં એક ખોપરીમાં હજારો વર્ષ પહેલાં કરેલા એક મોટી સર્જરીના નિશાન મળ્યા છે. એવું માનવામાં આવે છે કે ખોપરીને ૨,૦૦૦ વર્ષ પહેલા ફ્રેક્ચર થયું હતું, જે ખૂબ જ અલગ પ્રકારની શસ્ત્રક્રિયા સાથે ઠીક કરવામાં આવ્યું છે. ખોપરીને જોતાં તે બતાવે છે કે તબીબી વિજ્ઞાન વિશ્વમાં પહેલેથી જ એકદમ અદ્યતન હતું. માનવામાં આવે છે કે આ ખોપરી યુદ્ધમાં ઘાયલ થયેલા સૈનિકની છે. તેની ખોપરીમાં ફ્રેક્ચર થયા પછી તેની ખોપરી સાથે સર્જરી દ્વારા જોડવામાં આવ્યું હતું. ફ્રેક્ચર એટલું ગંભીર હતું કે તે કોઈને મારી શક્યું હોત અને જો તે મટ્યું ન હોત, તો તે માણસ આજીવન અપંગ થઈ શક્યો હોત. પેરૂવન સર્જનોએ સૈનિકની તૂટેલી ખોપરીને ફ્યુઝ મેટલથી સીલ કરી દીધી હતી અને તેની સારવાર માટે તેને જોડી દીધી હતી. નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર સર્જરી બાદ ઘાયલ સૈનિક પણ બચી ગયો હતો. જોકે તેના ફ્રેક્ચરને ઠીક કરવા માટે કઈ ધાતુનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે જાણી શકાયું નથી. મ્યુઝિયમના નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર મ્યુઝિયમે તેને ૨૦૨૦માં પ્રદર્શિત કર્યું હતું. અર્શ ખોપરીના ઈતિહાસ વિષે વધુ જાણકારી નથી પરંતુ નિષ્ણાંતો જણાવે છે કે ખોપરીના હાડકાને રિપેર કરવા માટે તે એકબીજા સાથે સજજડ રીતે જોડાયેલું છે. તે એક સફળ સર્જરી હતી. માનવશાસ્ત્રીઓના મતે પેરૂના સર્જનો આવાર ગંભીર ઘા ને મટાડવામાં નિષ્ણાંત હતા. પ્રાચીન સમયમાં આવી શસ્ત્રક્રિયા યોદ્ધાઓ માટે પ્રતિષ્ઠાનો વિષય હતી.

# વ્હોટ્સએપ ઉપર મહત્ત્વપૂર્ણ ડોક્યુમેન્ટ ન મોકલવા, મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ ઉપર યોજાતી બેઠકમાં પણ સ્માર્ટફોનનો ઉપયોગ ટાળવો : કેન્દ્રની નવી ગાઈડલાઈન

**મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગુપ્તચર એજન્સીઓ દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકામાં કહેવામાં આવ્યું છે કે, વ્હોટ્સએપ-ટેલિગ્રામ જેવી મોબાઈલ એપ્સ ઉપર ગોપનીય માહિતી શેર કરવી જોખમકારક છે**

નવી દિલ્હી તા.૨૪ ગુપ્તચર એજન્સીઓએ ભારત સરકારના કોમ્યુનિકેશનને લઈને નવી મંત્રાલયોની મહત્વની બેઠકમાં હવે સ્માર્ટવોચ, સ્માર્ટફોન, વ્હોટ્સએપ, ટેલિગ્રામ વગેરેનો ઉપયોગ કરવામાં આવશે નહીં. ગાઈડલાઈન જારી કરી છે. જાસૂસી એજન્સીઓ દ્વારા આ માર્ગદર્શિકા રાષ્ટ્રીય સંચાર સુરક્ષા નીતિની માર્ગદર્શિકા અનર્શ અધિકારીઓની તરફથી સરકારની સૂચનાઓ અને ઘણી મહત્વપૂર્ણ માહિતી લીક થયા બાદ જારી કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ગુપ્તચર એજન્સીઓ દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકામાં કહેવામાં આવ્યું છે કે વ્હોટ્સએપ ટેલિગ્રામ જેવી મોબાઈલ એપ્સ ઉપર ગોપનીય માહિતી શેર કરવી જોખમથી મુક્ત નથી. તેનું કારણ એ છે કે ખાનગી કંપનીઓ તેમના સર્વર પર ડેટા સ્ટોર કરે છે. આ કંપનીઓના સર્વર ભારતની બહાર સ્થિત છે. ગાઈડલાઈન્સમાં કહેવામાં આવ્યું છે કે સરકારના આડેટાનો દુરૂપયોગ પણ થઈ શકે છે. ગુપ્તચર એજન્સીઓએ અધિકારીઓ માટે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મીટિંગ કરવા અને ઘરેથી કામ કરવા માટેની માર્ગદર્શિકા પણ જારી કરી છે. ગુપ્તચર્શ એજન્સીઓ દ્વારા જારી કરાયેલા નિર્દેશોને તમામ મંત્રાલયોમાં તાત્કાલિક અસરથી લાગુ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. એજન્સીઓએ કહ્યું છે કે મીટિંગમાં એપલ સિરી, એમેઝોન એલેક્સા, ગૂગલ આસિસ્ટન્ટ વગેરે જેવા કોઈ સ્માર્ટ ડિવાઈસનો ઉપયોગ ન કરવો જોઈએ. મીડિયા રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે ઘણા અધિકારીઓ મહત્વપૂર્ણ દસ્તાવેજોને તેમના ફોનમાં સ્કેન કરીને રાખે છે અને પછી તેને વિવિધ પ્રકારની એપ્સ દ્વારા અન્ય લોકો સાથે શેર કરે છે. કોઈપણ સંજોગોમાં આમ કરવું સલામત નથી. તમામ મંત્રાલયોને મોકલવામાં આવેલા નવા નિર્દેશોમાં કહેવામાં આવ્યું છે કે અધિકારીઓએ પોતાના સ્માર્ટફોન અને સ્માર્ટ વોચને મીટિંગ દરમ્યાન રૂમની બહાર રાખવા જોઈએ. આ સિવાય ઓફિસોમાં એમેઝોન ઈકો, એપલ હોમપોડ, ગૂગલ હોમ જેવા સ્માર્ટ ડિવાઈસના ઉપયોગ ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવે. હોમ નેટવર્ક દ્વારા કોઈપણ મહત્વપૂર્ણ દસ્તાવેજો મોકલવા ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવે.

# હું જાણતો હતો સંજય દત્ત તેની ધરપકડ સમયે 'નિર્દોષ' હતો, 'તે ફસાઈ ગયો હતો' : ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈ

મુંબઈ તા.૨૪

ફિલ્મ નિર્માતા સુભાષ ઘાઈએ જણાવ્યું હતું કે તેઓ અભિનેતા સંજય દત્તને ખૂબ જ નજીકથી ઓળખે છે અને તેઓ જાણતા હતા કે ૧૯૯૩માં તેમની ધરપકડ સમયે તેઓ 'નિર્દોષ' હતા. તેમની ફિલ્મ, ખલનાયક, તે જ સમયે રિલીઝ થઈ હતી અને તે ખૂબ જ સફળ રહી હતી. સુભાષ ઘાઈએ કહ્યું કે સંજયના કઠિન સમયને સફળતા માટે ઉપયોગ કરવો તે તેમની નીતિશાસ્ત્રની વિરૂદ્ધ છે અને તેમણે ખુલાસો કર્યો કે તેમણે ખલનાયકના પ્રમોશન ઉપર એક પણ રૂપિયો ખર્ચ્યો ન હતો. આ ફિલ્મમાં સંજયે વોન્ટેડ ગુનેગારની ભૂમિકા ભજવી હતી. તેમણે જણાવ્યુ કે, 'હું સંજય દત્તને બાળપણથી ઓળખું છું. મેં તેમની એક અન્ય ફિલ્મ ખલનાયકમાં કાસ્ટ કર્યો હતો. હું તેને ખરેખર નજીકથી જાણતો હતો. જ્યારે તેમની ધરપકડ કરવામાં આવી ત્યારે હું જાણતો હતો કે તે નિર્દોષ હતો પરંતુ તેઓ ફસાઈ ગયા હતા ખરેખર તેઓ ગુનેગાર ન હતા.' સુભાષે કહ્યું કે તેમણે ક્યારેય સંજયના કાયદાકીય વિવાદનો ઉપયોગ ખલનાયકને પ્રમોટ કરવા માટે કર્યો નથી. તેમણે ઉમેર્યું કે 'મેં ખલનાયકના પ્રચાર માટે એક પણ રૂપિયો ખર્ચ્યો નથી. હું ચૂપ રહ્યો હતો. ચોલી કે પીછે ક્યા હૈ ગીત માટે હોબાળો થયો હતો. ૩૨ રાજકીય એકમો મારી વિરૂદ્ધ હતા મારી વિરૂદ્ધ કોર્ટ કેસ પણ હતા. પણ હું ચૂપ રહ્યો હતો. મને ખબર હતી કે મેં કેવી ફિલ્મ બનાવી છે, મને ખબર છે કે સંજય દત્ત શું છે, મને ખબર છે કે, ચોલી કે પીછે ક્યા હૈ ગીત શું છે.' એપ્રિલ ૧૯૯૩માં સંજય દત્તની આતંકવાદી અને વિક્ષેપકારક પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે તે એક મહિના પછી જામીન ઉપર મુક્ત થયો હતો. ૧૯૯૪માં તેના જામીન ૨૮ ફરીથી ધરપકડ કરવામાં આવી હતી. ઓકટોબર ૧૯૯૫માં તેને જેલમાંથી છોડવામાં આવ્યો હતો. સંજયને ૨૦૦૬માં ટાડા કોર્ટ દ્વારા આર્મ્સ એક્ટ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો હતો જ્યારે તેને ૯એમએમ પિસ્તોલ અને એ.કે-૫૬ રાઈફલ ધરાવવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો હતો પરંતુ વધુ ગંભીર ટાડાના આરોપોમાંથી તેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો. તેણે ૨૦૦૭માં થોડા દિવસો જેલમાં વિતાવ્યા હતા પરંતુ ત્રણ અઠવાડિયાથી ઓછા સમયમાં તેને જામીન મળી ગયા હતા. તેણે ૨૦૧૩થી ૨૦૧૬ સુધીનો સમય પણ જેલમાં વિતાવ્યો હતો.

### ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ (FCRA)

# ૬૦૦૦ NGO ના FCRA લાયસન્સ રિન્યૂ ન કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ : ૨૪ જાન્યુઆરીના રોજ થશે સુનાવણી

નવી દિલ્હી, તા.૨૪

ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ (FCRA) હેઠળ ૬૦૦૦ NGO ના FCRA લાયસન્સ રિન્યૂ ન કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાઈ છે. વરિષ્ઠ વકીલ સંજય હેગેએ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એન.વી. રમન્ના સમક્ષ આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો, જેઓ સોમવારે, ૨૪ જાન્યુઆરીએ તેની સુનાવણી કરવા સંમત થયા હતા. એનજીઓ ગ્લોબલ પીસ ગ્લોબલ પીસ ઈનિશિયેટિવ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કોવિડ-૧૯ સમયગાળા દરમ્યાન તમામ એનજીઓને એફસીઆરએના કાર્યક્ષેત્રમાંથી મુક્તિ આપવા માટે કેન્દ્ર સરકારને આદેશ જારી કરવા માટે પણ પ્રાર્થના કરવામાં આવી છે. અરજીમાં વધુમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ની જાહેર નોટિસને રદ કરવાની માંગ કરવામાં આવી હતી. ફોરેન કોન્ટ્રીબ્યુશન્સ (રેગ્યુલેશન) એક્ટમાં એનજીઓએ તેના ઉપયોગ પર અન્ય શરતો સાથે વિદેશમાંથી તેના કાર્યો માટે ભંડોળ મેળવવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલય પાસે લાયસન્સ માટે અરજી કરવાની જરૂર પડે છે. ઉપરોક્ત કેસમાં અરજદાર ટેક્સાસ સ્થિત સંસ્થા છે જેણે વિધવાઓ અને અનાથોની સેવા કરવા માટે સ્વર્ગસ્થ મધર ટેરેસા સાથે સંકળાયેલ મિશનરીઝ ઓફ ચેરિટી સહિત ભારતમાં ઘણી સંસ્થાઓ સાથે કામ કર્યું છે. એડવોકેટ આદિત્ય જૈન દ્વારા દાખલ કરાયેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે FCRA લાયસન્સનું અચાનક રદ કરવું એ NGO અને તેઓ જે લાખો ભારતીયોની સેવા કરે છે તેમના અધિકારોનું ઉલ્લંઘન છે, તેવું બી. એન્ડ બી. દ્વારા જાણવા મળે છે.

### ઓમિક્રોનને લઈ સ્ટડીમાં ધડાકો

# ઓમિક્રોન મટે છે, પણ તેની અસર લાંબા સમય સુધી રહે છે

**વ્યક્તિ રોજિંદા કાર્યો યોગ્ય રીતે કરવામાં અસમર્થ થઈ જાય છે : આ લક્ષણોને બ્રેન ફોગ તરીકે ઓળખ્યા છે**

નવી દિલ્હી, તા.૨૪

કોરોના વાયરસના નવા વેરિયન્ટ ઓમિક્રોન ઉપર સમગ્ર વિશ્વમાં વિવિધ અભ્યાસ કરવામાં આવી રહ્યા છે. આ તમામ વાતો વચ્ચે ઓમિક્રોનના નવા નવા લક્ષણો અને અસરો વિશે જાણવા મળી રહ્યું છે. એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ઓમિક્રોનની અસર સંક્રમિત લોકો ઉપર લાંબા સમય સુધી રહે છે. ઓમીક્રોનના કારણે સંક્રમિત થયેલો વ્યક્તિ રોજિંદા કાર્યો યોગ્ય રીતે કરવામાં અસમર્થ થઈ જાય છે. સંશોધકોએ ઓમિક્રોનના આ લક્ષણોને બ્રેન ફોગ તરીકે ઓળખ્યા છે. અહેવાલ મુજબ બ્રેન ફોગ આપણી યાદશક્તિને અસર કરે છે. આ અભ્યાસ ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધકો દ્વારા કરવામાં આવ્યો છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે લોકોમાં લાંબા સમય સુધી કોવિડના લક્ષણો ન હોવા છતાં, લોકોમાં બ્રેનફોગની સમસ્યા જોવા મળી રહી છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બ્રેન ફોગથી પ્રભાવિત લોકો આ સમયગાફા દરમિયાન તેમના જીવનમાં ભૂતકાળની ઘટનાઓને યાદ રાખવામાં અસમર્થ સાબિત થયા છે. આશ્ચર્યની વાત એ છે કે ટેસ્ટિંગ દરમ્યાન કોરોના દર્દીઓમાં એવા કોઈ લક્ષણો જોવા મળ્યા નહતા પરંતુ તેમની યાદશક્તિમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઓક્સફર્ડ યુનિવર્સિટીના અભ્યાસ અનુસાર આ લક્ષણો ઘણા મહિનાઓ સુધી તમારામાં રહી શકે છે. જો કે વૈજ્ઞાનિકો હજુ સુધી એ શોધી શક્યા નથી કે ઓમિક્રોન યાદશક્તિ ઉપર કેવી અસર કરે છે? સંશોધકોના જણાવ્યા અનુસાર, બ્રેન ફોગની અસર પછી સંક્રમિત લગભગ ૬ થી ૯ મહિના પછી સામાન્ય સ્થિતિમાં પાછો ફરી શકે છે. લાંબા સમયથી કોરોના સંક્રમિત દર્દીઓને સ્નાયુઓમાં દુખાવો, અનિયમિત ધબકારા, ઉધરસ અને અનિદ્રા જેવી સમસ્યાઓ થાય છે. જ્યારે, બ્રેન ફોગમાં લોકોને ખરાબ ઊંઘ, કામ કરવામાં અસમર્થતા અને કોઈપણ કામ યોગ્ય રીતે ન કરી શકવાની સમસ્યા ઉદ્ભવે છે. ઉલ્લેખનીય છે કે ઓક્સફર્ડ યુનિવર્સિટીના અભ્યાસમાં ૨૬ વર્ષની વયના ૧૩૬ લોકો ઉપર અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમાંથી ૫૩ લોકોએ જણાવ્યું કે તેમને કોરોના છે અને તેમનામાં હળવા લક્ષણો છે. આ લોકોની યાદશક્તિ અને ધ્યાન સંબંધિત ઘણા ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં આ તમામની એપિસોડિક મેમરી ખરાબ હોવાનું જાણવા મળ્યું હતું. તે પોતાના જીવનની જૂની ઘટનાઓને યોગ્ય રીતે યાદ રાખી શકતા નહોતા.

# નવા વડા સુબોધકુમાર જયસ્વાલ હેઠળ CBIની કચેરીઓ હવે અભેદ્ય કિલ્લાબંધી જેવી બની ગઈ છે

**CBIના અધિકારીઓને મીડિયાથી દૂર રહેવા અને પેનડ્રાઈવનો ઉપયોગ પ્રતિબંધિત કરવા ખાસ આદેશ આપવામાં આવ્યા છે**

નવી દિલ્હી તા.૨૪

સુબોધકુમાર જયસ્વાલના પડપણ હેઠળ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન (સીબીઆઈ) હવે અભેદ્ય કિલ્લામાં ફેરવાઈ ગયું છે એવું એજન્સીના અધિકારીઓ દાવો કરે છે. તેની પાછળનો હેતુ માહિતીના બિનઅધિકૃત લીકેજને અટકાવવાનો છે અને અનધિકૃત પહોંચથી રાષ્ટ્રીય પાટનગરમાં આવેલ સીબીઆઈના વડા મથક સહિત એજન્સીની તમામ કચેરીઓને સુરક્ષિત કરવાનો છે. સૌપ્રથમ તો સીબીઆઈએ ખાસ કરીને રાષ્ટ્રીય પાટનગરમાં પોતાના વડા મથકની કચેરીઓને સુરક્ષિત કરવા માટે તાજેતરના મહિનામાં જે કાર્યવાહી કરી છે તેની ઉપર એક નજર નાખીએ. હવે સીબીઆઈની ગુજરાત કેડરના ૨૦૦૪ની બેચના આઈપીએસ અધિકારી અને હાલ ડેપ્યુટેશન પર સીબીઆઈમાં કામ કરી રહેલ ડીઆઈજી રેંકના અધિકારી ગગનદીપ ગંભીર હેઠળ એક પૂર્ણકક્ષાની સુરક્ષા પાંખ તૈયાર કરવામાં આવી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના પૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખ વિરૂદ્ધ સીબીઆઈની તપાસના મહત્વના દસ્તાવેજો લીકેજ થવાની સાથે આ પ્રકારની કડક ઝુંબેશ હાથ ધરાઈ છે. સીબીઆઈએ આજ કેસમાં પોતાના સબઈન્સ્પેક્ટર અને એક વકીલની ધરપકડ કરી હતી. સિક્યોરિટી વિંગ દ્વારા સીબીઆઈમાં પેનડ્રાઈવના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકતો એક આદેશ કરવામાં આવ્યો છે. કાર્યાલય આદેશમાં જણાવાયું છે કે સીબીઆઈ નેટવર્ક સાથે સંકળાયેલ કોઈ પણ સિસ્ટમ સાથે કોઈ પણ પેનડ્રાઈવનો કનેકટ કરવી નહી. હવેથી સીબીઆઈ તેના અધિકારીઓને સત્તાવાર ઉપયોગ માટે બાહ્ય હાર્ડ ડિસ્ક ફાળવશે અને આ ડિસ્કની ફાળવણી યાદીનો રેકોર્ડ તૈયાર કરાશે. આ ઉપરાંત આ હાર્ડ ડિસ્ક પૂર્વ મંજૂરી વગર એજન્સીના સંકુલની બહાર લઈ જઈ શકાશે નહીં. સૂત્રોએ જણાવ્યું છે કે એજન્સી તેના અધિકારીઓ અને સ્ટાફને ચીફ આધારીત એક્સેસ કાર્ડ આપવાનું આયોજન કરી રહી છે. આ ઉપરાંત તમામ અધિકારીઓને મીડિયાથી દૂર રહેવા મૌખિક સૂચનાઓ જારી કરવામાં આવી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે જો અમે મીડિયા સાથે અનધિકૃત સંપર્કમાં રહીશું તો સેવામાંથી અમારી બરતરફી સહિત અમારી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જો કે આ અંગે કોઈ લેખિત આદેશ ઉપલબ્ધ નથી, પરંતુ મીડિયાથી દૂર રહેવાનું અમને સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું છે. આ બધી ઘટના વચ્ચે બે જોરદાર અફવાઓ ચાલી રહી છે. એક તો સીબીઆઈના વર્તમાન વડા સુબોધકુમાર જયસ્વાલને રોના વડા તરીકે બદલી કરાશે અને બીજુ ગુજરાત કેડરના ૧૯૮૮ની બેચના આઈપીએસ અધિકારી અને સીબીઆઈમાં નં.૨ ગણાતા સ્પેશિયલ ડાયરેક્ટર પ્રવીણ સિંહાને આ વર્ષે એપ્રિલમાં નિવૃત્તિ બાદ સેવાનું એક્સટેન્શન આપવામાં આવશે.

# કલબ હાઉસ એપ ઉપર મુસ્લિમ મહિલાઓ વિરૂદ્ધ નિર્લજ્જ ટિપ્પણીઓ બદલ ત્રણ લોકોની ધરપકડ કરાઈ

મુંબઈ,તા.૨૪

મુંબઈ પોલીસે કલબ હાઉસ એપ ઉપરની વાતચીતના સંબંધમાં હરિયાણામાંથી ત્રણ વ્યકિતઓની ધરપકડ કરી છે આ ચેટમાં મુસ્લિમ મહિલાઓ વિરૂદ્ધ કથિતરૂપે નિર્લજ્જ ટિપ્પણીઓ કરવામાં આવી હતી. એમ એક અધિકારીએ જણાવ્યું હતું. તેમણે આગળ કહ્યું હતું કે મુંબઈની ક્રાઈમ બ્રાન્ચના સાયબર પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ આ મામલે ધરપકડો કરી હતી. અને બે આરોપીઓને એક સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા શુક્રવારે વહેલી સવારે પોસ્ટ કરાયેલી ટવીટમાં શિવસેનાના રાજયસભાના સભ્ય પ્રિયંકા ચતુર્વેદીએ આ ધરપકડો કરવા બદલ શહેર પોલીસની પ્રશંસા કરી હતી. બુધવારે દિલ્હી પોલીસે કલબ હાઉસ એપ અને સર્ચએન્જિન ગુગલને પત્ર લખ્યો હતો અને કથિત ઓડિયો ગ્રુપ ચેટના આયોજક વિષે વિગતો માંગી હતી. જેમાં મુસ્લિમ મહિલાઓ વિરૂદ્ધ નિર્લજ્જ ટિપ્પણીઓ કરવામાં આવી હતી. અધિકારીઓના સ્ત્રોતોએ કહ્યું હતું કે તપાસના ભાગરૂપે પોલીસે ગ્રુપ ઓડિયો ચેટના કેટલાક સભ્યોને ઓળખી કાઢયા હતા. જેમાં બંને સમુદાયોના પુરૂષો અને મહિલાઓ સામેલ હતા. મુંબઈ સ્થિત એક સંગઠને કલબ હાઉસ એપના સંબંધમાં સિટી પોલીસ સમક્ષ એક ફરિયાદ નોંધાવી હતી જેમાં તેને નિષ્ક્રિય કરવા અને કેસ દાખલ કરવાની માંગ કરાઈ હતી એમ અધિકારીએ જણાવ્યું હતું.

# જૂનાગઢ શહેર – જીલ્લા કોંગ્રેસ દ્વારા કોરોના સહાય મુદ્દે પત્રકાર પરિષદ યોજાઈ

## સરકાર દ્વારા ખોટા આંકડાઓ જાહેર કરવામાં આવતા હોવાના આક્ષેપ સાથે તીવ્ર આકોશ

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ શહેર-જીલ્લા કોંગ્રેસ દ્વારા કોરોના સહાય મુદે એક પત્રકાર પરીષદ યોજવામાં આવી હતી અને કોરોનાના કેસોમાં તેમજ મૃત્યુ સહાયની કામગીરીમાં પણ ભાજપ સરકાર દ્વારા આંકડાઓ છુપાવવામાં આવતા હોવાનો આક્ષેપ કર્યો હતો. એટલું જ નહીં ખોટી હકીકતો રજુ કરવામાં આવતી હોવાનો આક્ષેપ પણ કરાયો છે. સરકારની નીતિ-રીતી સામે જૂનાગઢ શહેર -જીલ્લા કોંગ્રેસ દ્વારા તીવ્ર આકોશ વ્યકત કરવામાં આવ્યો હતો.

કોવિડ મહામારીમાં ભાજપ સરકારના અણઘડ વહીવટને પરિણામે રાજયના લાખો નાગરિકોએ તેમના જીવ ગુમાવ્યા છે. ઉપરાંત મૃતકોના આંકડા છુપાવવાના અત્યંત નિંદનીય પ્રયાસો પણ ભાજપની સરકારે કર્યા છે તેવા આક્ષેપો થઈ રહયા છે. દરમ્યાન તાજેતરમાં સુપ્રિમ કોર્ટની આકરી ટિપ્પણીઓના સંદર્ભમાં આ સઘળી હકીકતો બહાર આવી છે. આ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશભાઈ ઠાકોરની સૂચના અનુસાર જૂનાગઢ શહેર -જીલ્લા કોંગ્રેસ દ્વારા તાજેતરમાં એક પત્રકાર પરિષદ યોજી અને વિસ્તૃત વિગતો અપાઈ હતી. આ અંગે એક અખબારી નિવેદનમાં શહેર કોંગ્રેસ પ્રમુખ અમીત પટેલે જણાવ્યું હતું કે, કોરોનાથી મૃત્યુ પામેલા લોકોને વળતર ચૂકવવા મામલે થયેલી અરજી ઉપર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે તેમજ ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટ સમક્ષ સ્વિકાર્યુ છે કે, સરકારના ચોપડે નોંધાયેલ મૃત્યુથી ઘણી વધુ અરજીઓ આવી છે. ગુજરાતમા અંદાજે ૩૦૦,૦૦૦ થી વધુ લોકો નાં મૃત્યુ થયા છે.

અત્યાર સુધીમાં ૯૧૮૧૦ અરજીઓ આવી જેમાં ૫૮,૮૪૦ અરજી ઓ મંજૂર થઈ ૧૫૦૦૦ જેટલી અરજીઓ પેન્ડિંગ છે પાંચ હજાર જેટલી અરજીઓ રિજેક્ટ થઈ ૧૧ હજાર જેટલી અરજીઓ ગતિમાન છે.

સુપ્રીમ કોર્ટ એ પણ કહ્યું કે લોકો સરકારની દયા ઉપર નથી જીવતા, સરકાર વળતર ચૂકવિને કોઈની ઉપર ઉપકાર નથી કરતી તેમ પણ જણાવ્યું હતું.

ગુજરાત સરકારે માત્ર ૧૦,૦૦૦ નો જ મૃત્યુ આંક દર્શાવ્યો છે. વધુમાં જુનાગઢ શહેર - જીલ્લામાં ૩૧૦૦ થી વધારે અરજી ઓ થઈ છે. લોકોને સહાય મેળવવા દર-દર ભટકવું પડે છે. ભાજપ સરકાર દ્વારા જુનાગઢ શહેર -જીલ્લાના મૃત્યુઆંક ૧૬૮ નો જાહેર કરવામા આવ્યો હતો. ખોટા આંકડાઓ બતાવી લોકો ને સહાય થી વંચિત રાખવા ના પ્રયત્નો સરકાર દ્વારા થઈ રહ્યા હોવાનો આક્ષેપ શહેર કોંગ્રેસ પ્રમુખ અમીત પટેલે કર્યો હતો. જૂનાગઢ ખાતે યોજાયેલી આ પ્રેસ કોન્ફરન્સ માં જુનાગઢ શહેર કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ પટેલ, જીલ્લા પ્રમુખ નટુભાઈ પોંકિયા, કોર્પોરેટર લલીતભાઈ પરસાણા, કિશોરભાઈ હળવાણી, ગાંડુભાઈ ઠેસિયા, વાસવાણીભાઈ, રાજુભાઈ સોલંકી, અરવિંદભાઈ, નથુભાઈ, સફિભાઈબંગાલી, કુદુસભાઈ, દાદુભાઈ હાલા, નિકુંજભાઈ, કાનાભાઈ ઘરડેસા, શારદાબેન, ફરજાનાબેન, વર્ષાબેન, નથુભાઈ, બાવનજીભાઈ પટોડિયા સહીત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદમાં માનવમંદિર દ્વારા દર્દીઓનાં સગાને રહેવા-જમવા માટે ટોકનદરે સેવાકાર્ય

અમદાવાદ તા.૨૪

માનવ સેવા મંદિર, વિશ્રાંતિ ગૃહ લાયન્સ દિવ્યિજય ફાઉનડેશન, અમદાવાદમાં રહેવા જમવા માટે સિવિલ હોસ્પિટલ, કીડની, કેન્સર, યુ.એન. મહેતા કોઈપણ હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓના સગાંને કોમન ટોયલેટ સાથે ૨૦/- પ્રતિ બેડ, ૨ વ્યક્તિ X ૨૦/- = ૪૦ /- રૂપિયામાં સુવિધા મળે છે. સંસ્થા પાસે ૨ બેડના કુલ ૭૭ રૂમો છે જે ફક્ત મા વાત્સલ્ય કાર્ડવાળા મધ્યમવર્ગીય વ્યક્તિઓને અપાય છે અને એટેચ ટોયલેટ સાથેના નવા ૧૪ માળના લક્ષુરિયસ ૨ બેડ ૨૪ રૂમો રૂા.૧૫૦/- નોન એસીપ્રતિ બેડ કુલ રૂપિયા ૨ વ્યક્તિ X ૧૫૦ = ૩૦૦/- માં તથા ૩ બેડ કુલ ૧૩૦ રૂમોએસી રૂમો ૩ વ્યક્તિ X ૨૦૦/- = કુલ ૬૦૦/- રૂપિયામાં અને જોએસી ના લે તો ૩ વ્યક્તિને ૧૫૦ = ૪૫૦ રૂપિયામાં લાયન્સ દિવ્યિજય ફાઉનડેશનમાં રહેવા મળે છે. આ જગ્યા સિવીલ હોસ્પિટલના ગેટ નંબર-૩ની સામે, અસારવા, અમદાવાદ ખાતે આવેલી છે. અન્નપૂર્ણા ભોજનાલયમાં રૂા. ૩૫/- માં અનલિમિટેડ જમવાની વ્યવસ્થા પણ છે જેમાં રોજ સવારે અનલિમિટેડ રોટલી, ૧ શાક, ૧ કઠોળ, દાળ, ભાત, છાશ અને ફિક્સ ૧ વાર મીઠાઈ તેમજ સાંજે રૂા.૩૫માં અનલિમિટેડ ૨ શાક રોટલી, ઔર ભાખરી, ખીચડી કઢી અપાય છે. ક્યારેક કોઈ દાતા તરફથી ભોજન હોય તો વિનામૂલ્યે અનલિમિટેડ દુધપાક, પુરી, ગોટા અથવા કટલેશ(૧ ફરસાણ), ૨ શાક, ૧ કઠોળ, દાળ, ભાત, છાશ અપાય છે. રૂા. ૨૦નો રૂમ લેવા વેઈટીંગ લાંબુ હોવાથી આપને તકલીફ ના પડે એટલે જ્યારે સિવિલ આવવાનું હોય તો રૂમ બુક કરવા અગાઊથી વોટસએપ કરી પેશન્ટનું નામ, જે સગા સંબંધી સાથે રોકવાના હોય તેમજ રૂા. ૨૦નો રૂમ લેવા માટે મા વાત્સલ્ય કાર્ડનો ફોટો મોકલવો અને જાણ કરવી. અમો કોઈપણ જરૂરીયાત વ્યક્તિને રૂમ આપીએ છે અને જ્ઞાતિબાધ નથી. માનવ સેવા મંદિર, વિશ્રાંતિ ગૃહ અન્નપૂર્ણા ભોજનાલય, લાયન્સ દિવ્યિજય ફાઉનડેશનના ટ્રસ્ટી બકુલભાઈ પંડ્યા છે. આ ટોકનદરની સેવા લેવા માટે દર્દીઓનાં સગાએ ધર્મિષ્ઠા જોશી(૦૭૯) ૨૨૮૬૭૯૨૦, મો.૯૪૨૯૯૨૨૫૬૭ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

## ૫-૧૦ મિનિટમાં ઘરે બેઠા કોવિડ ટેસ્ટીંગ કરી શકાય છે

ઘરે બેઠા કોવિડ ટેસ્ટ માટેની કોવીસેલ્ફ રેપીડ એન્ટીજન ટેસ્ટ કીટ બહાર પડી છે. કોવીસેલ્ફની કીટ દ્વારા ઘરે બેઠા રેપીડ એન્ટીજન ટેસ્ટ કરી ૧૦ મિનીટમાં કોરોના સંક્રમણ છે કે નહીં તે જાણી શકાય છે. મનપા દ્વારા નાકમાં સળી ફેરવીને કીટમાં મૂકી મિનિટોમાં રીઝલ્ટ અપાય છે તે જ રીતે લોકો જાતે જ આ કોવીસેલ્ફ' કીટનો ઉપયોગ કરીને ૫-૧૦ મિનિટમાં ઘરે બેઠા કોવિડ ટેસ્ટીંગ કરી શકે છે. આ કીટ માત્ર રૂ. ૨૫૦માં લગભગ દરેક મેડીકલ સ્ટોર્સમાં સરળતાથી મળે છે.

# વિજ્ઞાનની આંખે- અધ્યાત્મની પાંખે :ઓરા-કુંડલિનીઃ નાડી ચક્રો



આજે એક એવા વિષયની વાત કરવી છે જે અત્યંત મહત્વનો છે, જે આબાલ - વૃદ્ધ દરેક મનુષ્યની જિંદગી સાથે સંકળાયેલો છે અને છતાં સમાજમાં કદાચ જેના વિષે ઓછી જાણકારી છે. વિષય છેઃ **Metaphysics.**

પારંપરિક રીતે જોઈએ તો **Metaphysics** ફિલોસોફીની એક બ્રાન્ચ છે. પરંતુ સમય જતાં મેટાફિઝિકસનો વ્યાપ ઘણો વિસ્તૃત થયો છે અને ફિલોસોફી ઉપરાંત પેરાસાઈકોલોજી, ગૂઢવાદ, યોગ, મૃત્યુ પછીની જિંદગી, પુનર્જીવન , ધ્યાન, કુંડલિની-ચક્રો વિગેરે, અગોચર શક્તિઓ, એનર્જી જગત અને આવા અનેક ટોપિકનો સમાવેશ મેટાફિઝિક્સમાં થઈ ગયો છે. મૂળભૂત રીતે અધ્યાત્મ સાથે સંકળાયેલ આ વિષયને આપણે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ થી જોઈશું. આ તબક્કે નિકોલા ટેસ્લા જેવા મહામાનવ ને યાદ કરી લઈએ કે જેના નામે ૩૦૦ થી પણ વધુ વૈજ્ઞાનિક શોધ બોલે છે. તેના જ શબ્દોમાં કહીએ તો **'If you want to find the secrets of the universe, think in terms of energy, frequency and vibration.'**

હવે પછીની ચર્ચામાં કુંડલિની, નાડી, ચક્રો, ઓરા, એનર્જીના ફોટો લઈ શકતા વિવિધ ઉપકરણો, કોઈપણ વ્યક્તિ અથવા સંતનું પણ આધ્યાત્મિક લેવલ ચકાસવાના વૈજ્ઞાનિક રસ્તાઓ, આર્ટમાં એનર્જી, હીલિંગ, ધ્યાન અને ત્યારબાદ વ્યક્તિ/જગ્યાની એનર્જીમાં થતા ફેરફારો, ધ્યાનની મગજ ઉપર થતી અસર, જનરેશન ગેપના ન્યુરોલોજીકલ કારણો, તેને ઓછો કરવાના રસ્તા, શબ્દો અને વિચારોની આપણા શરીર પર થતી અસરો, વિગેરે વિષયોને વૈજ્ઞાનિક રીતે સમજવાની કોશિષ કરીશું.

સર્વ પ્રથમ ઓરા, કુંડલિની, નાડી અને ચક્રો - એમ પરસ્પર સંકળાયેલા ચાર શબ્દોને સમજવાનો પ્રયત્ન કરીએ.

**ઓરા ( Aura )**

એક શરીર આપણું એવું છે જેને સૌ જાણે છે, જેને નરી આંખે જોઈ શકાય છે, જેને સ્પર્શ કરી શકાય છે, જેનો સામાન્ય કેમેરાથી ફોટો લઈ શકાય છે, જેમાં આજનું મેડિકલ સાયન્સ વાઢકાપ કરી શકે છે અને જે ને આપણે નાનપણમાં શરીર વિજ્ઞાન તરીકે ભણી ચુક્યા છીએ. આ છે આપણું સ્થૂળ શરીર.

સ્થૂળ શરીર ફરતું એક બીજું શરીર પણ છે જે બને છે આપણા શરીરમાંથી નીકળતા વિદ્યુત તરંગો (**electromagnetic waves**)થી. દેવ-દેવીઓના / ઋષિ-મુનિઓના ફોટો પાછળ આભાનાં વલય આપણે વર્ષોથી જોયેલાં છે. એ વલય તે જ ઓરા. જેમ દરેક વ્યક્તિની હસ્તરેખા જુદી હોય છે તેમ દરેક વ્યક્તિનો ઓરા પણ જુદો હોય છે. માટે જ્યોતિષશાસ્ત્રની જેમ જ આ એક ગહન અધ્યયનનો વિષય છે.

અધ્યાત્મના એક સ્તર સુધી પહોંચ્યા પછી આ ઓરા નરી આંખે પણ જોઈ શકાય છે. પરંતુ તે સિવાય પણ એક ખાસ પ્રકારના કેમેરાથી આ શરીરનો ફોટો લઈ શકાય છે. આ કેમેરાને કહેવાય છે કિર્લિયન કેમેરા. ઓરા ફોટોગ્રાફ દ્વારા અનેક વસ્તુઓ જાણી શકાય છે. જેમ કે (૧) વ્યક્તિને ભવિષ્યમાં ક્યા રોગ થવાની સંભાવના છે, (૨) વ્યક્તિનો સ્વભાવ કેવો છે, (૩) વ્યક્તિમાં શું ખૂબી છે, (૪) કોઈ જગ્યા/મકાન/રૂમની એનર્જી કેવી છે, (૫) જે વ્યક્તિને ગુરૂ/સંત તરીકે માનીએ તેનું આધ્યાત્મિક સ્તર કેવું છે, (૬) મોબાઈલ ફોનના રેડિએશનની શરીર ઉપર કેવી અસર છે, (૭) કોઈ ચોક્કસ સંજોગોમાં કે ચોક્કસ સમયે વ્યક્તિની ભાવનાત્મક સ્થિતિ કેવી છે, (૮) ઓર્ગેનિક અને વ્યવસાયિક રીતે ઉગાડાયેલ શાકભાજી/અનાજની ઊર્જામાં શું ફર્ક છે. આ સિવાય ઓરા ફોટોગ્રાફી દ્વારા અનેક વસ્તુઓ જાણી શકાય છે. ઉપરોક્ત યાદી સંપૂર્ણ નથી.

કિર્લિયન કેમેરા તે કોઈ આજકાલની શોધ નથી. રશિયન વૈજ્ઞાનિક ડો. કિર્લિઅનના નામે આ શોધ લખાયેલી છે જે કેમેરાની શોધ એમણે ૮૦ વર્ષ પહેલા ૧૯૩૯માં કરેલી. ત્યારબાદ એમાં ઘણા સુધારા વધારા થયેલા છે. ૧૯૮૯માં હેરી ઓલ્ડફિલ્ડ દ્વારા **PIP ( Polycontrast Interference Photography )** સ્કેનર વિકસાવવામાં આવ્યું જે ઘણી વધારે સારી રીતે આ ફોટોગ્રાફ લઈ શકે છે.

ત્યારબાદ ૧૯૯૫માં રશિયન વૈજ્ઞાનિક ડો. કોરોટકોવ દ્વારા **GDV** (ગેસડિસ્ચાર્જ વિઝ્યુઅલાઈઝેશન) કેમેરા અને એ પછી જર્મનીના ડો. થ્રોનટન સ્ટ્રીટર દ્વારા બાયોફીલ્ડ વ્યૂઅર વિકસાવવામાં આવેલા છે જે કિર્લિઅન કેમેરાના આધુનિક સ્વરૂપ છે.

ઓરા સ્થૂળ શરીર ફરતું એક ઢાલનું કામ કરે છે. કોઈપણ રોગ પ્રથમ ઓરા ઉપર આક્રમણ કરે છે, ઓરા તેને બચાવવાની કોશિષ કરે છે અને જ્યારે ઓરા નબળો પડે ત્યારે રોગ સ્થૂળ શરીર ઉપર આક્રમણ કરે છે. માટે ઓરાના અભ્યાસ દ્વારા રોગ સ્થૂળ શરીર ઉપર આવ્યાના ઘણા સમય પહેલા જ જાણી શકાય કે તકલીફ કયાં હશે. અને જો ઓરાને સશક્ત બનાવીયે તો સ્થૂળ શરીર ઉપર રોગ લાગવાની સંભાવના ઘણી ઘટી શકે અને થઈ ગયેલ રોગ દૂર પણ થઈ શકે છે. ઓરાને સશક્ત બનાવવાના ઉપાયો વિષે બાદમાં ચર્ચા કરીશું, હાલમાં થોડો પ્રાથમિક ખ્યાલ પારિભાષિક શબ્દો વિષે મેળવી લઈએ.

એક બીજી વાત. ઓરા જીવંત કે નિર્જીવ કોઈપણ વસ્તુ નો હોઈ શકે. મકાન, વાહન, કરંસી નોટ, સિક્કા, ખુરશી, ટેબલ કે અન્ય કોઈપણ વસ્તુનો. આ સાથે મુકેલા ઓરા ફોટોગ્રાફસ ઉપરથી આ વિષય થોડો વધારે સ્પષ્ટ બનશે.

કુંડલિની, ચક્રો, નાડી વિગેરે વિષે હવે પછી આગામી લેખતમાં પ્રસિધ્ધ કરીશું. (ક્રમશઃ)

## પુસ્તકનું આમુખ રજુ કરનાર સન્નારીનો પ્રાથમિક પરિચય

વિશ્વશાંતિના ક્ષેત્રમાં, ઉર્જા વિશ્વમાં તથા કલા જગતમાં જેમનું અનેરૂં પ્રદાન છે તેવા બહુમુખી પ્રતિભા, વિશ્વપ્રસિધ્ધ કલાકાર, લેખક, વકતા, ૨૦૧૯ સુધી યુનાઈટેડ નેશન્સના શાંતિદૂત રહી ચુકેલા સુ.શ્રી. જેકલિન રિપ્સ્ટેઈન દ્વારા આ પુસ્તક માટે આમુખ લખાયું છે. માનવીય ચેતનાના સ્તરને ઉચ્ચ આયામ ઉપર લઈ જવામાં તેમની કલાકૃતિઓ, પુસ્તકો, સેમીનાર, વર્કશોપ, પ્રવચનો વગેરે નિમિત્ત બન્યા છે. તેઓ "**The Invisible Art Light Techniques**" શિર્ષક હેઠળ અનેક પ્રકારની વિશિષ્ટ આર્ટ ટેકનીકની ૧૯૮૬થી વૈશ્વિક પેટન્ટ ધરાવે છે, તેમના પેઈન્ટીંગ્સમાં ૪૦૦થી વધુ વૈશ્વિક પ્રદર્શનો યોજાયા છે. આ પેઈન્ટીંગ્સ અંધારામાં, અજવાળામાં અને યુવી લાઈટ સાથે ત્રણેય પરિસ્થિતીમાં અલગ દેખાય છે. ચોકકસ હર્ટઝની હીલીંગ એનર્જી વહાવે છે, જે અગ્રગણ્ય વૈજ્ઞાનિકોએ પ્રમાણિત કરેલું છે. યુએન હેડ કવાર્ટર્સમાં "**Millennium of peace**" કાર્યક્રમ ખુલ્લો મુકવાનું અતિ ઉચ્ચ સન્માન તથા અન્ય એક વૈશ્વિક સન્માન તેમણે પ્રાપ્ત કર્યા છે.

**ચક્રસંહિતા ભાગ-૧**
**લેખક: જીતેન્દ્ર પટવારી**

**–સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર**

## ઓનલાઇન શિક્ષણથી બાળકોમાં જીદ અને દલીલ વધી

મનોવિજ્ઞાન ભવનના લેબઆસિસ્ટન્ટ ડો.મીરા જોપાર અને સેમ-૧ની વિદ્યાર્થીની ધારિતા ઝાંઝડીયાએ ભવન અધ્યક્ષ ડો. યોગેશ જોગસણના માર્ગદર્શનમાં ૧૧૭૧ બાળકોનો સર્વે કર્યો

મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ ડો .યોગેશ જોગસણ જણાવે છે કે, ૧૫થી ૨૦% બાળકો સ્પર્ધાને કારણે એટલું બધું વાંચે છે કે તેમનું સામાજિક જીવન શૂન્ય બની જાય છે.આવા બાળકો હંમેશા ટેન્શનમાં રહે છે.

બાળકોનેને લગતી ઘણી મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ છે, જેમ કે શૈક્ષણિક, માનસિક સમસ્યા, શારીરિક સમસ્યા, શરીરમાં કોઈ ઉણપ, એગ્રતાનો અભાવ, ચીડિયાપણું વગેરે.

આજના યુગના બાળકો અસુરક્ષિત વાતાવરણ, થાક, તણાવ વગેરે સાથે મોટા થઈ રહ્યા છે. વિડિઓ ગેમ્સ ના લીધે આઉટડોર ગેમ્સ ભૂલતા જાય છે બાળકો. એકલતા નું અને સંઘર્ષનું પ્રમાણ બાળકોમાં વધ્યું છે.

# ૭૩ માં પ્રજાસત્તાક પર્વની જૂનાગઢના ખામધ્રોળ રોડ ખાતે ભવ્ય ઉજવણી કરાશે

## ધાર્મિક વડાઓના હસ્તે ધ્વજવંદન : કોમી એકતા રાષ્ટ્રીય એકતાના વાતાવરણમાં હિન્દુ-મુસ્લિમ આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢના ખામધ્રોળ રોડ ખાતે આવેલ કિરણ એસ્ટેટ સામે અલ-અક્ષા રેસીડેન્સી પ્લોટમાં ૭૩માં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી જૂનાગઢ શહેર સુન્ની સંધી મુસ્લિમ સમાજ ખ્વાજા નગર, સંધીપરા દ્વારા આયોજન કરવામાં આવેલ છે. બંધારણના મૂળભૂત સંવિધાનિક અધિકારો તેમજ કોમી એકતા રાષ્ટ્રીય એકતાને મજબૂત કરી જનજાગૃતિ માટેના આ રાષ્ટ્રીય પર્વમાં ધ્વજવંદન પિરે તરિકત સૈયદ અનુબાપુ તેમજ ખ્વાજા નગર મસ્જિદના ઈમામ સાહેબ હબીબ ઉલ્લાહ મિસ્બાહી સાહેબના વરદ હસ્તે કરવામાં આવશે. આ તકે મેયર ધીરૂભાઈ ગોહેલ, સી.પીઆઈ.એમ.નાં બટુકભાઈ મકવાણા, ધારાસભ્ય ભીખાભાઈ જોશી, શહેર પ્રમુખ ભાજપ પુનીતભાઈ શર્મા, શહેર કોંગ્રેસપ્રમુખ અમિતભાઈપટેલ, એડવોકેટ જિશાન હાલેપોત્રા, નગર સેવક કિરીટભાઈ ભિંભા, મનોજભાઈ જોશી, વહાબભાઈ કુરેશી, એડવોકેટ અશ્વિનભાઈ મણિયાર, સમજુભાઈ સરપંચ, જીતુભાઈ મણવર, સોહેલ સિદીકી સહિતના હાજરી આપશે. આ રાષ્ટ્રિય પર્વમાં દરેક રાષ્ટ્ર પ્રેમી હિન્દુ-મુસ્લિમ ભાઈ-બહેનોએ હાજરી આપી રાષ્ટ્ર પ્રત્યેની ભાવના ઉજાગર કરવા નગર સેવક રાજુભાઈ સાંધ, હાજી હાજીભાઈ ઠેબા, ઈબ્રાહીમભાઈ સમા, કારાભાઈ ઠેબા, જાફરભાઈ પલેજા, ઓસમાણભાઈ વિશળ, આરિફભાઈ સમા, નિવૃત પોલીસમેન હાજી અલી સમા દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# જૂનાગઢ જિલ્લા પત્રકાર એકતા સંગઠનની બેઠક યોજાઈ જિલ્લા પ્રમુખ તરીકે વિનુભાઈ ચંદારાણાની નિમણુંક

(તસ્વીર : રવિન્દ્ર કંસારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ સર્કીટ હાઉસ ખાતે પત્રકાર એકતા સંગઠન ગુજરાતની મિર્ટીંગ પ્રદેશ પ્રમુખ લાભુભાઈ કાત્રોડીયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ કાર્યક્રમની શરૂઆત રાજયનાં મંત્રી દેવાભાઈ માલમ અનેપ્રદેશ હોદેદારોનાં હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. પત્રકાર એકતા સંગઠનનાં પ્રયોજક એવા સલીમભાઈ બાવાણી, વરિષ્ઠ પત્રકારનાં પિતા દિલીપભાઈ તેમજ કોરોના કાળ દરમ્યાન સંગઠને ગુમાવેલા તમામ પત્રકારોને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ત્યારબાદ હાજર તમામ પત્રકારોએ પોતાનો પરીચય આપી કાર્યક્રમને આગળધપાવ્યો હતો. ઉપસ્થિત પ્રદેશ કારોબારીનાં આઈટી સેલના અધ્યક્ષ સમીર સલીમભાઈ બાવાણી દ્વારા ડીજીટલ યુગઅને પત્રકારોનાં જીવનમાં હાલ ઈન્ફોરમેશન ટેકનોલોજી ડગલેને પગલે ઉપયોગમાં આવતી હોય છે જેને લોકોનાં હિતાર્થે સદઉપયોગ કરવા સૂચન કર્યું હતું. ત્યારબાદ પ્રદેશ મહામંત્રી જલદીપભાઈ ભટ્ટ દ્વારા પત્રકારોનેપડતી મુશ્કેલીઓઅને સમસ્યાઓ વિષે હાજર પત્રકારોનેમાહિતગાર કર્યા હતા. ત્યારબાદ પ્રદેશ ઉપપ્રમુખ ગીરવાનસિંહ સરવૈયા દ્વારા સંગઠનની કારોબારી અંગેહાજર પત્રકારોને વિસ્તૃત માહિતી આપીઅનેસંગઠનની વ્યૂહરચના વિષે માર્ગદર્શન આપ્યું હતું. વિશેષમાં પત્રકાર એકતા સંગઠનનાં પ્રદેશ પ્રમુખ લાભુભાઈ કાત્રોડિયા દ્વારા સંગઠનની માળખાકીય રચના અને નવનિયુકત હોદ્દેદારોનું સન્માનઅનેનિયુક્તિ પત્રોપ્રદેશ અગ્રણીઓનાં હસ્તે આપવામાં આવ્યા હતાં. પત્રકાર એકતા સંગઠનનાં પ્રદેશ અધ્યક્ષ અને નવનિયુક્ત જિલ્લા પ્રમુખ વિનુભાઈ ચંદારાણાનું સન્માન વિશ્વ હિન્દુ પરિષદ જૂનાગઢ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ શહેર કોંગ્રેસપ્રમુખ અમિતભાઈ પટેલ અને જૂનાગઢ અને સૌરાષ્ટ્ર બ્રહ્મ સમાજના આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. નવ નિયુક્ત હોદ્દેદારોનું સન્માન દલિત સમાજ દ્વારા પણ કરવામાં આવ્યું હતું. વિનુભાઈ ચંદારાણા દ્વારા જૂનાગઢ જિલ્લામાં મજબૂત સંગઠન નિર્માણ કરવા કટિબદ્ધ હોવાની ખાતરી આપી હતી. તેમજ તાલુકા સંગઠનની રચના વહેલીતકે પૂર્ણ કરવા ખાતરી આપી હતી.

## માંગરોળ : માનસીક બિમારીને કારણે ગળાફાંસો ખાઈ લેતા મૃત્યું

જૂનાગઢ તા. ૨૪

માંગરોળનાં ગોરી ફળીયા, લુહારવાડામાં રહેતા અસલમભાઈ ઈસાભાઈ પીર (ઉ.વ.૨૮)ને છેલ્લા સાતેક વર્ષથી બિમારી હોય જેની દવા ચાલુ હોય આ દરમ્યાન આ બિમારીથી કંટાળી જઈ પોતાની મેળે પોતાના ઘરે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે.

### ૩૩ જીલ્લાના ૬૫૦૦ પત્રકારોનું વિશાળ સંગઠન ધરાવતા

# ગીર-સોમનાથ જિલ્લા પત્રકાર એકતા સંગઠનની સુત્રાપાડા ખાતે મળેલ બેઠક સંપન્ન

## કોઈપણ જાતની ફી લીધાં વગર ચાલતું રાજ્યનું એકમાત્ર સંગઠન : સમાજ પત્રકારોનું સન્માન કરે તેવું પ્રમાણીકતાથી સમાજ ઉપયોગી કામ કરો : લાભુભાઈ કાત્રોડીયા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૪

ગુજરાત રાજયના ૩૩ જીલ્લાના ૬૫૦૦ પત્રકારોનું વિશાળ સંગઠન ધરાવતા પત્રકાર એકતા સંગઠનની ગીર-સોમનાથ જિલ્લાની અગત્યની બેઠક પ્રદેશ અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડીયા, પ્રદેશ અગ્રણી ગીરવાનસિંહ સરવૈયા, જલદીપભાઈ ભટ્ટ સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં જીલ્લા પ્રમુખ હેમલભાઈ ભટ્ટના અધ્યક્ષ સ્થાને સુત્રાપાડા ખાતે કોમ્યુનિટી હોલમાં મળી હતી. રાજય અને જીલ્લાના વરીષ્ઠ પત્રકારોના વરદહસ્તે દિપ પ્રાગટ્ય કરી શુભારંભ થયેલ. આ બેઠકમાં ગીર-સોમનાથજિલ્લાના વિવિધ તાલુકામાંથી પત્રકારોએ ભાગ લીધો હતો. પ્રાસંગિક પ્રવચન દરમ્યાન સમાજ પત્રકારોનું સન્માન કરે તેવી પ્રમાણીક કામગીરી કરવા પત્રકારોને આહવાન કરતાં પ્રદેશ પ્રમુખ લાભુભાઈ કાત્રોડીયાએ જણાવ્યું હતું કે, કોઈપણ જાતની ફી લીધા વગર રાજયમાં પત્રકારો માટે કામ કરતું આ એક માત્ર સંગઠન છે, આ સંગઠનમાં રાજયના ૩૩ જીલ્લાના ૬૫૦૦ પત્રકારો જોડાયા છે, પત્રકારોના હક્ક-હીત માટે ૧૨ મુદ્દાની માંગણી સાથે સંગઠને સરકારમાં રજૂઆત કરી છે તેનો પરીણામલક્ષી સુખરૂપ નિવારણ લાવવા પ્રદેશ અગ્રણીઓએ રાજયના ૨૫ જીલ્લાનો પ્રવાસ કર્યો છે. લાભુભાઈએ સંગઠનનું નામ બદનામ થાય નહી અને પીળા પત્રકારીત્વથી દુર રહેવા સૌને અનુરોધ કરી આ સંગઠનને વધુ કાર્યરતઅનેમજબૂત કરવા સૌને સહભાગી થવા અનુરોધ કર્યો હતો. વિવિધ વક્તાઓએ પ્રાસંગિક પ્રવચન દરમ્યાન લોક પ્રશ્નોને વાંચા આપી સંગઠન મજબૂત કરવા ઉપર ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં સંગઠનનાંપ્રદેશ કારોબારી સભ્ય તરીકે સરદારસિંહ ચૌહાણ (તાલાલા ગીર), મહંમદભાઈ સોરઠીયા(વેરાવળ)ની પસંદગી કરી હતી, જયારે પ્રદેશ આઈ.ટી.સેલ.માં અરૂણભાઈ જેબર અને સુત્રાપાડા તાલુકા પ્રમુખ તરીકે યુવા પત્રકાર ભરતભાઈ જાદવની વરણી થઈ હતી. કાર્યક્રમના પ્રારંભે પત્રકાર ભરતભાઈ જાદવે સ્વાગત કરી સૌને આવકાર્યા હતા, ત્યારબાદ અવસાન પામેલ સંગઠનનાં જીલ્લા પ્રભારી રમેશભાઈ ખખ્ખર(વેરાવળ)ને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાકેશભાઈ પરડવાએ કર્યુ હતું, અંતમાં મહીલા પત્રકાર કાજલબેન ભટ્ટ(તાલાલા)એ આભાર દર્શન કરી ગીર-સોમનાથ જિલ્લા પત્રકાર સંગઠનનાં ગૌરવવંતા કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી

જૂનાગઢ તા.૨૪

કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ દ્વારા તારીખ ૨૩મી જાન્યુઆરી-૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૯ કલાકે નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતી નિમિતે જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ તથા કૃષિ ઈજનેરી વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને પુષ્પ દ્વારા પુષ્પાંજલિ અર્પિત કરવામાં આવેલ હતી. જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો. એન.કે. ગોંટીયા, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ નિયામક ડો. વી.આર. માલમ, વિવિધ ફેકલ્ટીના પ્રિન્સીપાલ અને ડીનો ડૉ. એસ.જી. સાવલિયા, ડો. ડી.કે. વરૂ, ડો. સી.ડી. લખલાણી, સહવિસ્તરણ શિક્ષણ નિયામક ડો. જી.આર. ગોહિલ, કામધેનું યુનિવર્સીટીની વેટરનરી કોલેજના ડો. પી.એચ. ટાંક, નિવૃત પ્રાધ્યાપક ડો. એ.કે. વાર્ષનેવ તેમજ પ્રાધ્યાપક અને વિભાગીય વડાઓ ડો. એસ.એન. ઉપાધ્યાય, એમ.એફ. આચાર્ય, ડો. જે.બી. પટેલ, ડો. એમ.એન. ડાભી, હેડ રેકટર ડો. વી.કે. ચાંદેગરા, સંશોધન ઈજનેરો, અધિકારીઓ, પોલીટેકનીક કોલેજના સ્ટાફ, કર્મચારીઓએ અને કૃષિ ઈજનેરી કોલેજના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને પુષ્પ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરેલ હતી. આ કાર્યક્રમના સફળ સંચાલન માટે કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજના જીમખાના ચેરમન ડો. સંજય ચોલેરા, હિરેન દલસાણીયા, મિતેશ દવે, પ્રતિક પંડ્યા, વિપુલ ભટ્ટ વિગેરેએ ભારે જહેમત ઉઠાવેલ હતી.

# સત્યમ સેવા યુવક મંડળના હોલમાં ભોય જ્ઞાતિની દિકરીના આદર્શ લગ્ન યોજાયા

જૂનાગઢ તા.૨૪

સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ભોય જ્ઞાતિની દિકરી દિપીકાબેન ડી. ચાવડા જૂનાગઢના આદર્શ લગ્ન મંડળનાં હોલ ખાતે તા.૨૨-૧-૨૦૨૨ને શનિવારના રોજ યોજવામાં આવેલ હતા. જેમાં દિપીકાબેનને ૪૫ જેટલી કરીયાવરની ઘરવખરીની વસ્તુઓ આપી સાસરે વળાવેલ હતી. જેમાં સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડીયા, બટુકબાપુ, ડોક્ટર યોગેશ ભાઈ પંડિત, શાન્તાબેન બેસ, અલ્પેશભાઈ પરમાર, પ્રવિણભાઈ જોષી, સરોજબેન જોષી, પરેશભાઈ બાટવિયા, મનોજ સાવલીયા વિગેરેએ આ કાર્યક્રમને કોરોનાની સરકારી ગાઈડલાઈન મુજબ બંને પક્ષના ૧૫-૧૫ વ્યક્તિઓએ હાજર રહી દિકરીને સાસરે વિદાય આપવામાં આવેલ હતી.

# હૈદરાબાદ ખાતે ઓવેસીના ઘરની નજીક જ પ્રધાનમંત્રી મોદી ૫ ફેબ્રુઆરીએ જગદગુરૂ રામાનુજાચાર્યની સૌથી મોટી પ્રતિમાનું ઉદ્‌ઘાટન કરશે



જૂનાગઢ તા.૨૪

આદ્ય જગદગુરૂ શંકરાચાર્ય પછી બીજા મૂળ જગદગુરૂ રામાનુજાચાર્યજી છે. ત્રીજા મૂળ જગદગુરૂ નીંબાકાચાર્યજી, ચોથા મૂળ જગદગુરૂ માધવાચાર્યજી અને પાંચમાં મૂળ જગદગુરૂ કૃપાળુજી મહારાજ છે. રૂપિયા ૧૦૦ કરોડમાં તૈયાર થયેલી આચાર્ય રામાનુજાચાર્યજીની સૌથી મોટી પ્રતિમા પૂરા પ્રોજેક્ટની કિંમત ૧૪૦૦ કરોડ છે. હૈદરાબાદમાં સ્થાપિત થઈ રહેલી આચાર્ય રામાનુજાચાર્યની આ પ્રતિમા દુનિયાની બીજી સૌથી મોટી બેઠેલી પ્રતિમા છે. જેને બનાવવામાં ૯ મહિનાનો સમય લાગ્યો છે. સ્વામી રામાનુજાચાર્યાની આ વિશાળકાય પ્રતિમાનું લોકાર્પણ પીએમ મોદી દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૨માં કરવામાં આવશે. આ પ્રતિમાની સાથે ૧૦૮ મંદિરનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. આ સાથે આચાર્યજીની એકનાની પ્રતિમા પણ બનાવવામાં આવી છે. જેમાં ૧૨૦ કિલો સોનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ જગ્યાને સ્ટેચ્યુ ઓફ ઈકવાલિટી(**statue of equality**) નામ આપવામાં આવ્યુંછે. આ પૂરા પ્રોજેક્ટને પૂરા કરવામાં ૧૪૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. આ સ્ટેચ્યુ ઓફ ઈકવાલીટીની પુરૂ શાસ્ત્રો આધારિત જ રચના કરવામાં આવી છે. આ સમગ્ર પ્રોજેક્ટ પૂરો કરવામાં ૧૮ મહિના લાગ્યા છે. આના માટે મૂર્તિકારોએ ઘણી ડીઝાઈન તૈયાર કરી હતી અને પછી સ્કેનિંગ પ્રક્રિયા પછી સૌથી શ્રેષ્ઠ મૂર્તિનું વિશાળ સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ પ્રતિમાની ઊંચાઈ ૧૦૮ ફૂટ, જયારે પ્રતિમામાં લાગેલા ત્રિદંડમની ઊંચાઈ ૧૩૮ ફૂટ છે. ટોટલ પ્રતિમાની ઊંચાઈ ૨૧૬ ફૂટ છે. આચાર્ય રામાનુજાચાર્યની આ પ્રતિમામાં ૫ કમળ ફૂલ, ૨૭ પદ્મ પીઠમ, ૩૬ હાથી અને આ પ્રતિમા સુધી પહોંચવા માટે ૧૦૮ સડી બનાવવામાં આવી છે.

# જૂનાગઢનાં મજેવડી ગેઈટ-સુખનાથ ચોક પોલીસ ચોકી સુધીનો રોડ મરામત કરવા રજુઆત

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢમાં આવેલ મજેવડી ગેઈટથી સરકારી હોસ્પીટલથી સુખનાથ ચોક પોલીસ ચોકી સુધીનો આ રોડ મરામત કરવાની જરૂરીયાત છે કારણ કે અહીં આગળ રહેણાંક વિસ્તાર અને પર્યટક સ્થળો આવેલ છે. જેમાં રેલ્વે સ્ટેશન પાસે સરદાર વલ્લભભાઈ પટેલ ત્રણ દરવાજા આવેલ છે. એક નંબરમાં રાહતદારી રસ્તો, બે નંબરમાં આવક વાહનો માટે ત્રણ નંબર નો એન્ટ્રી જાવક માટે આ ત્રણેય દરવાજા રસ્તાની બંને સાઈડ ઉપર સફેદ પટ્ટા તેમજ બોર્ડ મુકવા આ દરવાજામાંથી ન્યાય મંદિર, જેલ, સરકારી હોસ્પીટલ, દૈનિક પ્રેસ, મકબરો આવેલ છે.

જયારે સકકરબાગ ઝુપાસે માર્કેટીંગ યાર્ડનો રસ્તો નીકળે છે. આ રોડ ઉપર સ્પીડબ્રેકર છે તે નાનુ છે તે મોટુ મુકવામાં આવે જેથી અકસ્માતની શકયતા ઓછી રહે ગિરીરાજ મેઈન રોડ, વિજય શહીદ માર્ગ આ મેઈન રોડ સ્વચ્છ રહે તે માટે યોગ્ય પગલા ભરવા જાગૃત નાગરીક અશોક કુરાણીએ મ્યુ. કમિશ્નરનો પત્ર પાઠવી રજુઆત કરી છે.

# ઉના પોલીસે બે દરોડામાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડયો

## ઉના પોલીસની આ વર્ષની સૌથી મોટી રેડ

ઉના તા. ૨૪

ઉનાનાં પીઆઈ વિજયસિંહ ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.વી. સાંખટ સહીતનાં સ્ટાફે કેસરીયા ગામ આગળ ગોકુલ હોટલ પાસે દિવ તરફથી આવતી બોલેરો પીકઅપ વાન નં. જીજે-૩૨-ટી-૫૮૧૫ને રોકી ચેક કરતાં જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ નંગ ૧૮૦, બીયર નંગ ૯૬, મોબાઈલ-૧, બોલેરો વાન મળી કુલ રૂા. ૨,૬૯,૯૨૦નાં મુદામાલ સાથે નિતેશ પ્રેમજીભાઈ બામણીયા (વેરાવળ) અને રાહુલ રાણાભાઈ ચુડાસમા (છારા-કોડીનાર)ને ઝડપી લીધેલ હતાં.

જયારે બીજા બનાવમાં અહેમદપુર માંડવી ચેક પોસ્ટ પાસેથી સ્કવોડા મોટર કાર નં. જીજે-૦૧-આરએમ ૬૭૩૩માંથી રાજકોટનાં અજય અશોકભાઈ વાળા, નિકુંજ જયેન્દ્રભાઈ સોલંકી, જયદીપ ભરતભાઈ તન્નાને ૬૯ વિદેશી દારૂની બોટલ, મોબાઈલ, કાર મળી કુલ રૂા. ૨,૪૧,૭૦૦નાં મુદામાલ સાથે ઝડપી લીધેલ છે.

# વૃધ્ધ પેન્શન યોજનામાં બીપીએલ કાર્ડનો આગ્રહ મુલત્વી રાખવા રજુઆત

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢનાં મધુર સોશ્યલ ગૃપનાં પ્રમુખ સલીમભાઈ ગુજરાતી અને પ્રોજેકટ ચેરમેન અમીષ ગોસાઈએ ભારત સરકાર દ્વારા દેશનાં તમામ સીનીયર સીટીઝન વૃધ્ધોને પેન્શન માટેની યોજના માટેની પ્રવેશ પ્રક્રિયામાં ફોર્મ ભરવા માટે ગુજરાતમાં દરેક અરજદાર પાસે બીપીએલ કાર્ડનો આગ્રહ રાખવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી બીપીએલ કાર્ડ ઈસ્યુ કરવાનું બંધ છે ત્યારે પેન્શન માટે યોગ્યતા હોવા છતાં બીપીએલ કાર્ડનાં અભાવે સરકારની આ યોજનાના લાભથી વંચિત રહેવું પડે છે. તેથી પેન્શન યોજના ફોર્મમાંથી બીપીએલ કાર્ડનો આગ્રહ રાખવાની પ્રથા મુલત્વી રાખવા ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે.

# ગિરનાર એસો.ના પ્રમુખ રમેશભાઈ બાવળીયાના જન્મ દિવસે જરૂરીયાતમંદોને ધાબળા વિતરણ

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢમાં તાજેતરમાં ગીરનાર એસોસીએશનાના પ્રમુખ રમેશભાઈ બાવળીયાના જન્મદિવસ નિમિત્તો ગરીબ નિરાધાર લોકોને ઠંડી ની સિઝન માં ગરમ ધાબળા વિતરણ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જૂનાગઢ મનપાના મેયર ધીરૂભાઈ ગોહેલ, ડો.ડી. પી. ચીખલીયા, મનદીપભાઈ મકવાણા, બટુકભાઈ મકવાણા, જીતુભાઈ મણવાર, ભીખાભાઈ કંટારા, સોમાભાઈ રોદાતલા, જીકાભાઈ કંટારા, પ્રવિણગીરી ગોસ્વામી, પપ્પુભાઈ મેર, વિજયભાઈ ગોહેલ, ચેતનભાઈ બાવળીયા, અર્જુન રાઠોડ, વિજય બેરાણી સાહીતના આગેવાનો હાજર રહ્યા હતા તેમ એક યાદીમાં જણાવેલ છે.

# ગાયિકા લતા મંગશકર માટે પ્રાર્થનાની સખ્ત જરૂર છે

નવી દિલ્હી, તા.૨૪

સુપ્રસિદ્ધ ગાયિકા લતા મંગેશકરનો આજે હોસ્પિટલમાં ૧૬મો દિવસ છે. ૮ જાન્યુઆરીએ, તેમને કોરોના પોઝિટિવ અને ન્યુમોનિયાની ફરિયાદ બાદ મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૯૨ વર્ષીય લતાની ઉંમર અને તબિયતને ધ્યાનમાં રાખીને તેમને ICUમાં ડોક્ટરોની કડક દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. ભૂતકાળમાં લતા મંગેશકરની તબિયતમાં સુધારો જોવામળ્યો હતો, પરંતુ તાજેતરમાં જ લતા દીની સારવાર કરી રહેલા ડૉ.પ્રિતિતસમદાનીનું કહેવુંછે કે, તેમને પ્રાર્થનાની સખત જરૂર છે,

પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન

રોડ સરફેસનું ઇમ્પ્રુવમેન્ટ, લેવલ ક્રોસિંગ નું શિફ્ટીંગ અને AT ની વ્યવસ્થા કરવી

નં. W/118/NIT/E-Tender/2021-22/WA/23-R તારીખ: 18/01/2022; વિષય: ઈ-ટેન્ડર નં. 55-2021-22 to 56-2021-22 & 04-2021-22-TRD; ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 55/2021-22 | ભાવનગર ડિવિઝન: ભાવનગર ડિવિઝનના મંજૂર થયેલ કાર્ય 10 નંગ. પર રબરરાઇઝ્ડ [illegible] રાઇફલ પૂરી પાડીને રોડ સરફેસના ઇમ્પ્રુવમેન્ટ [illegible] પર રબરરાઇઝ્ડ સરફેસ પૂરી પાડીને રોડ સરફેસનું ઇમ્પ્રુવમેન્ટ કરવું. | 73,23,120.00 | 1,46,500.00 |
| 02 | 56/2021-22 | [illegible] કિ.મી. 53/9 54/0 થી કિ.મી. 54/5-6 પર લેવલ ક્રોસિંગ નં.56નું શિફ્ટીંગ કરવું. | 85,43,835.56 | 1,70,900.00 |
| 03 | 04-2021-22-TRD | DAS RLA સેક્શનમાં કિ.મી. 53/9 54/0 થી કિ.મી. 54/5-6 પર એલસી નં.-56 નું શિફ્ટીંગ કરવા સાથે સંબંધિત AT ની વ્યવસ્થા [illegible] | 4,74,201.74 | 5,500.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ પ્રારંભની તારીખ: તા. 01/02/2022 બિડીંગ બંધ થવાની તારીખ: તા. 15/02/2022; ઓનલાઈન રેલવે વેબસાઈટ: www.ireps.gov.in પર તા. 17.01.2022/18.01.2022 ના રોજ અપલોડ કરેલ છે.

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# જૂનાગઢમાં પોલીસ કર્મચારી, સિવિલ હોસ્પીટલનો સ્ટાફ પણ કોરોનાની ઝપેટમાં

## કોરોનાની ત્રીજી લહેરમાં એક ડીવાયએસપી, ૧ પીઆઈ, ૩ પીએસઆઈ સહિત ૭૧ પોલીસ કર્મી તેમજ બે તબીબ, ૭ નર્સીંગ સ્ટાફ અને કલાસ-૪નાં બે કર્મચારીઓ સંક્રમિત

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ સહિત રાજયભરમાં તેમજ દેશભરમાં કોરોનાનાં સંક્રમણની સંખ્યા સતત વધી રહી છે જેની સામે તકેદારીનાં પગલા અંતર્ગત એસઓપી ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવી રહેલ છે. તેમજ ગુજરાતનાં ૮ મહાનગરો, ૨ શહેરો તેમજ વધુ ૧૭ નગરોમાં રાત્રી કર્ફયુની અમલવારીની મુદત વધારી દેવામાં આવી છે. જૂનાગઢ જીલ્લા અને શહેરમાં કોરોનાનાં કેસમાં સતત વધારો થઈ રહયો છે ત્યારે ત્રીજી લહેરમાં ૭૬ પોલીસ કર્મીઓ તેમજ સિવીલ હોસ્પિટલનો ૧૧નો સ્ટાફ પણ કોરોના સંક્રમિત થયો છે. શનિવારે જૂનાગઢ જિલ્લામાં ૧૫૬ને કોરોના પોઝિટીવ આવ્યો હતો સામે ૧૦૮ દર્દીએ કોરોનાને હરાવ્યો હોય તેને રજા અપાઈ હતી. દરમ્યાન રવિવારે કેસમાં ઘટાડો થવા સામે સાજા થનારની સંખ્યા વધી હતી. રવિવારે ૧૧૭ કેસ નોંધાયા હતા. આમ, શનિવાર કરતા રવિવારે ૩૯ કેસ ઘટયા હતા. રવિવારે જૂનાગઢ જિલ્લામાં આવેલ કેસમાં જૂનાગઢ સિટીમાં ૮૦ કેસ, જયારે માણાવદર તાલુકામાં ૧૨, વિસાવદર તાલુકામાં ૧૩, જૂનાગઢ તાલુકામાં ૬, કેશોદ તાલુકામાં ૩, વંથલી તાલુકામાં ૨ અને માળીયા હાટીના તાલુકામાં ૧ કેસનો સમાવેશ થયો છે.

જયારે કુલ ૧૨૪ દર્દીએ કોરોનાને હરાવ્યો હોય તેને રજા અપાઈ છે. ડિસ્ચાર્જ થયેલા દર્દીમાં જૂનાગઢ સિટીમાં ૯૦, જૂનાગઢ અને વંથલી તાલુકામાં ૯-૯, કેશોદ તાલુકામાં ૭, વિસાવદર તાલુકામાં ૪, માળીયા હાટીના તાલુકામાં ૨ તેમજ ભેંસાણ, મેંદરડા અને માંગરોળ તાલુકામાં ૧-૧ કેસનો સમાવેશ થયો છે. કુલ ૧૧૭ કેસ સામે ૧૨૪ દર્દી ડિસ્ચાર્જ થયા છે.

દરમ્યાન કોરોનાની ત્રીજી લહેરમાં અત્યાર સુધીમાં અનેક તબીબી તેમજ પોલીસ સ્ટાફ પણ કોરોના સંક્રમિત બન્યો છે. આ અંગે સિવીલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો. સુશીલકુમારે જણાવ્યું હતું કે, પોતાની જાનની પણ પરવાહ કર્યા વિના તબીબી સ્ટાફ દ્વારા દર્દીઓની સારવાર કરાઈ રહી છે. ત્યારે કેટલોક તબીબી સ્ટાફ પણ કોરોના સંક્રમિત બન્યો છે. આમાં ૨ ડોકટરો, ૭ નર્સિંગ સ્ટાફ તેમજ વર્ગ ૪ના ૨ કર્મી મળી કુલ ૧૧નો સ્ટાફ કોરોના સંક્રમિત બન્યો છે. જોકે, તેમ છતાં કોરોનાના પેશન્ટની સારવારમાં કોઈ મુશ્કેલી પડી નથી. જયારે એલઆઈબીએ જણાવ્યું હતું કે ત્રીજી લહેરમાં કોરોના સંક્રમિતમાંથી પોલીસ કર્મીઓ પણ બાકાત નથી. લોકોની સેવામાં સતત રહેતા પોલીસ કર્મીઓ પણ કોરોના પોઝિટીવ બન્યા છે. આમાં ૧ ડિવાયએસપી, ૧ પીઆઈ, ૩ પીએસઆઈ અને ૭૧ પોલીસ કર્મીનો સમાવેશ થાય છે. હાલ કોરોના સંક્રમણ સતત વધી રહ્યું હોય લોકો કોરોનાની ગાઈડ લાઈનનું ચુસ્ત પાલન કરે તે અત્યંત આવશ્યક છે.

# જૂનાગઢ સહિત રાજયભરમાં હાડ ધ્રુજાવતી ઠંડી : કોલ્ડવેવ જેવી સ્થિતિ

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ સહિત સોરઠ પંથક અને રાજયભરમાં ગઈકાલથી વેસ્ટ ડિસ્ટર્બન્સનો કારણે હવામાનમાં ભારે પલ્ટો આવ્યો છે. દરમ્યાન જૂનાગઢ શહેરમાં લોકોને ફરી કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. એક જ દિવસમાં ઠંડીમાં ૭.૧ ડિગ્રીનો વધારો થવા સાથે દિવસભર ૮.૭ કિમીની ઝડપે ઠંઠોગાર પવન ફૂંકાયો હતો. પરિણામે ફરી કાતીલ ઠંડીની અસર થઈ રહી હોવાનું જણાઈ રહ્યું છે. આ અંગે મળતી વિગત મુજબ શનિવારે લઘુત્તમ તાપમાન ૧૯.૬ ડિગ્રી રહ્યું હતું. જયારે રવિવારે લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિગ્રી થઈ ગયું હતું. આમ, એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૭.૧ ડિગ્રી ઘટી જતા કાતીલ ઠંડીની અસર જોવા મળી હતી. એમાં પણ દિવસભર ૮.૭ કિમીની ઝડપે બર્ફિલા પવન ફૂંકાયા હતા જેથી લોકોને આખો દિવસ ગરમ કપડામાં વિંટળાઈને રહેવું પડ્યું હતું. સાથોસાથ ઠંડા પવનથી બચવા ઘરના બારી, દરવાજા પણ બંધ રાખવાની ફરજ પડી હતી. દરમ્યાન ગિરનાર પર્વત ઉપર ૭.૫ ડિગ્રી ઠંડી અનુભવાઈ હતી જેથી પશુ, પક્ષી તેમજ ગિરનારની યાત્રાએ આવનાર પ્રવાસીઓની હાલત કફોડી બની ગઈ હતી. હજુ પણ બે દિવસ સુધી લઘુત્તમ તાપમાન ૧૦ થી ૧૨ ડિગ્રીની વચ્ચે રહેવાની સંભાવના હોય બે દિવસ ઠંડીનો સામનો કરવો પડશે. રવિવારે લઘુત્તમ ૧૨.૫, મહત્તમ ૨૮ ડિગ્રી તાપમાન રહ્યું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૨ ટકા અને બપોર બાદ ૩૪ ટકા રહ્યું હતું સાથે પવનની ઝડપ ૮.૭ કિમી પ્રતિ કલાકની રહેવા પામી હતી.

# જૂનાગઢમાંથી નશીલા પદાર્થ સાથે એક મહીલા સહીત બે ઝડપાયા

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ એસઓજીનાં પીઆઈ એચ.આઈ. ભાટી, પીએસઆઈ જે.એમ. વાળા અને સ્ટાફે ચોકકસ બાતમીનાં આધારે જૂનાગઢ બિલખા રોડ, પાઠક નગરમાં રહેતા માલાબેન નવઘણભાઈ સલાટ તથા હેમાભાઈ લખમણભાઈ સલાટનાં કબ્જામાંથી વનસ્પતીજન્ય નશીલો પદાર્થ ગાંજાનો જથ્થો ૪,૦૪૭ કિ.ગ્રા. કિં. રૂા. ૪૦૪૭૦, મોબાઈલ નંગ-૨ કિં. રૂા. ૨૫૦૦ મળી કુલ રૂા. ૪૨૯૭૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં એનડીપીસી એકટ કલમ ૮ (સી), ૨૦ (બી), ૨૯ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી માટે સી ડીવીઝન પોલીસનો સોંપી આપેલ છે. આ કામગીરીમાં એસઓજીનાં પીઆઈ એચ.આઈ. ભાટી, પીએસઆઈ જે.એમ. વાળા, એમ.જે. કોડીયાતર, એમ.વી. કુવાડીયા, સામતભાઈ બારીયા, દિપકભાઈ જાની, મજીદખાન પઠાણ, અનિરૂધ્ધસિંહ વાંક, બાબુભાઈ કોડીયાતર, ધર્મેશભાઈ વાઢેર, શાંતિબેન સીસોદીયા, જગદીશભાઈ ભાટુ વગેરે સ્ટાફ જોડાયો હતો.

# જૂનાગઢમાં નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ નિમિતે કોંગ્રેસની રેલી યોજાઈ

## જૂનાગઢના બસ સ્ટેન્ડ ચોક વિસ્તારમાં નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા મુકવાની ઉગ્ર માંગ

(તસ્વીર : અમ્મર બખાઈ)

જૂનાગઢ તા.૨૩

'તુમ મુઝે ખૂન દો, મેં તુમ્હે આઝાદી દુંગા'ના જોશીલા નારા સાથે દેશમાં આઝાદી લહેર ઉભી કરી આઝાદીની ચળવળ કરનાર ક્રાંતિકારી નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૬મી જન્મજયંતિએ જૂનાગઢ શહેર કોંગ્રેસ દ્વારા રેલી કાઢવામાં આવી હતી અને કોંગ્રેસના આગેવાનો તેમજ કાર્યકરોએ રેલીમાં જોડાઈને નેતાજી સુભાષચંદ્ર બોઝની શૌર્યગાથાને યાદ કરી જૂનાગઢમાં તેમની કાયમ માટે સ્મૃતિ જળવાઈ રહે તે માટે બસ સ્ટેન્ડ ચોક વિસ્તારમાં નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા મુકવાની ઉગ્ર માંગ કરી છે. જૂનાગઢ શહેર કોંગ્રેસ દ્વારા દેશની આઝાદી માટે મહત્વપૂર્ણ યોગદાન આપનાર નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૬મી જન્મજયંતિ નિમિતે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેર કોંગ્રેસ ભવન ખાતે ધારાસભ્ય ભીખાભાઈ જોષીના હસ્તે આ રેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો જોડાઈને નારા લગાવી નેતાજી સુભાષચંદ્ર બોઝની વીરતાને કોટી કોટી નમન કર્યા હતા. આ રેલી મુખ્યમાર્ગો ઉપર ફરીને જૂનાગઢના શહીદ પાર્ક ખાતે રેલી પૂર્ણ થઈ હતી. દેશની આઝાદી માટે યોગદાન આપનાર નેતાજીની પ્રતિમા સ્ટેન્ડ ચોક વિસ્તારમાં મુકવાનો જૂનાગઢ મહાનગરપાલિકામાં કોંગ્રેસ દ્વારા પ્રસ્તાવ રજૂ કરાશે. જો આ પ્રસ્તાવ મંજુર ન થાય તો આંદોલન કરવાની શહેર કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ પટેલે ચીમકી આપી છે.

# કાશ્મીરીબાપુની ઝુંપડી નજીક જંગલ વિસ્તારમાં પ્લાસ્ટિક મુકિત અભિયાન

જૂનાગઢ તા.૨૪ : **Mission "Plastic Free junagadh Yatradham"** અંતર્ગત મિશન નેચર ફર્સ્ટ જૂનાગઢના માધ્યમથી પ્રકૃતિનું જતન અંતર્ગત નેચર ફર્સ્ટની ટીમ દ્વારા કાશ્મીરીબાપુની ઝુંપડી નજીકના જંગલ વિસ્તારમાં પ્લાસ્ટિક મુકિત અભિયાન યોજવામાં આવ્યું હતું. અને પ્લાસ્ટીકનાં કચરાનો નાશ કરી તેનો નિકાલ કરાયો હતો.


**તમામ પ્રકારનાં ગેસ વેલ્ડીંગ, મેડીકલ ઓકસીજન, વેલ્ડીંગ રોડ, ટુલ્સ, એલપીજી ગેસ અને એસેસરીઝ**

હોલસેલ પણ મળશે

WE ARE ALSO REFILIN THE FIRE EXTINGUISHE

**ઉમા ટ્રેડર્સ**

રીલાયન્સ પેટ્રોલ પંપ સામે, દોલતપરા, જૂનાગઢ

રાકેશ અગ્રવાલ : ૦૨૮૫-૨૬૬૧૦૧૮ - ૯૮૯૮૧ ૮૬૨૧૯



**ઓફર...ઓફર...** M. 99787 06355 ફોન: (૦૨૮૫) ૨૬૨૦૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

**હરિ-કલા** યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



**ઉપલબ્ધ સેવાઓ :**

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર

લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ

મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



**ૐ ઉપચાર કેન્દ્ર**

ડૉ. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નેચરોપેથિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
- નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



**બહેરાશ નિવારણ માટેનું એકમાત્ર હાઈટેક કલીનીક**

**શું તમને સાંભળવાની તકલીફ કે બહેરાશ છે ?**

**સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે ગુજરાત સરકારની રૂા. ૫૦,૦૦૦/- ની હીયરીંગ મશીનની રીએમ્બર્સમેન્ટ યોજનાનો લાભ તથા માર્ગદર્શન.**

છેલ્લા ૧૭ વર્ષથી કાર્યરત એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ એટલે VATSALYA

- નિષ્ણાંત ક્વોલીફાઈડ ઓડીયોલોજીસ્ટ દ્વારા કાનની બહેરાશની તપાસ તેમજ વોટરપ્રુફ/વાયરલેસ અને તમારા મોબાઈલથી કનેકટ થઈ જાય તેવા વિશ્વના એડવાન્સ ટેકનોલોજીવાળા યુરોપની કંપનીના ૧૦૦% ડીજીટલ મશીન પર ટ્રાયલ તથા કન્સલ્ટન્સી.

બોલવામાં કોઈપણ પ્રકારની તકલીફ માટે સ્પીચ થેરાપી સારવાર ઉપલબ્ધ

તો આજે જ બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ સર્વિસ અને બેસ્ટ રીઝલ્ટની ખાત્રી માટે અચુક સંપર્ક કરો

**વાત્સલ્ય** સ્પીચ એન્ડ હીયરીંગ કલીનીક

**જુનાગઢ** ૧૫૯, પ્રિઝમ કોમ્પલેક્ષ, પહેલા માળે, એસ.ટી.બસ સ્ટેન્ડ સામે, પતંજલી ચિકિત્સાલયની ઉપર, જુનાગઢ

**રાજકોટ** વોકાર્ડ હોસ્પીટલની બાજુમાં, સોની સેન્ટર શો-રૂમવાળી શેરી, ટી પોસ્ટની સામે, કાલાવડ રોડ, રાજકોટ.

**જામનગર** ૩૦૬, સિધ્ધીવિનાયક પ્લાઝા, ત્રીજો માળ, મીગ કોલોની કોર્નર, મયુર મેડીકલની સામે, એસ. ટી. બસ સ્ટેન્ડ પાસે.

ફોનથી એપોઈન્ટમેન્ટ લઈને જ આવવું. મો. ૯૬૦૧૦ ૪૦૦૦૨, ૯૮૯૮૧ ૫૫૮૮૨



adani wilmar | Fortune

NOT EVERY GROWTH STORY IS PRINTED IN INK. OURS IS SERVED DAILY ON YOUR PLATE.

In just 20 years, you've made us an integral part of your home. An essential on your plate. We are Adani Wilmar. And, we are proud to play our part in making India grow healthy and strong.

- One of the fastest growing packaged food companies in India*
- No.1 brand in edible oils business as of March 31, 2021*
- Fortune brand is one of the top 100 most trusted brands in India^
- Part of every third household in India as of March 31, 2021**
- Present in over 1.6 million retail outlets as on September 30, 2021*
- India's largest manufacturer of soyameal, oleic acid and the largest exporter of castor oil as on March 31, 2020*
- Among the three largest exporters of oleochemicals in India as of March 31, 2020*

Fryola | BULLET | Rina | fortune | alife | Avsar | KING'S | Aadhar

*Adani Wilmar Limited is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its equity shares (Issue) and has filed the Red Herring Prospectus ("RHP") in relation to the Issue with the Registrar of Companies, Gujarat at Ahmedabad. The RHP is available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the websites of the book running lead managers, Kotak Mahindra Capital Company Limited, J.P. Morgan India Private Limited, BofA Securities India Limited, Credit Suisse Securities (India) Private Limited, ICICI Securities Limited, HDFC Bank Limited, and BNP Paribas at http://www.investmentbank.kotak.com, www.jpmipl.com, www.m-india.com, www.credit-suisse.com/in/en/investment-banking-apac/investment-banking-in-india/ipo.html, www.icicisecurities.com, www.hdfcbank.com and www.hsbcparibas.co.in, respectively. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see "Risk Factors" of the RHP.

The equity shares offered in the Issue have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("U.S. Securities Act"), or any state law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the equity shares are being offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) under Section 4(a) of the U.S. Securities Act, and (ii) outside the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales are made. There will be no public offering of the equity shares in the United States.

Source: ^Technopak Report, ◆Nielsen Retail Index – MAT March 2021, ^The Economic Times Brand Equity in 2020, ** MRS.